# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 14 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH FEBRUARY 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com




# શ્રી ક. દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજનના નેજા હેઠળ શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ ટ્રસ્ટના સથવારે આયોજિત, જખૌવાસીઓ અને નિયાણીઓનું સંમેલન તા. ૧૯ મી જાન્યુઆરી ૨૦૨૦















# જખૌવાસીઓ અને નિયાણીઓનું સંમેલન તા. ૧૯ મી જાન્યુઆરી ૨૦૨૦



# સુથરી દીક્ષા મહોત્સવ ૬-૭-૮ ડિસેમ્બર ૨૦૧૯



# સુથરી દીક્ષા મહોત્સવ ૬-૭-૮ ડિસેમ્બર ૨૦૧૯























# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન) રાયપુર આયોજીત સત્કાર સમારંભ




















**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૧૪**
**Date : 20-02-2020**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

*જાન્યુઆરી ૨૦૨૦માં મને શ્રી હુબલી મહાજનના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. ખીમજીને તેમના ઘરે મળવાનો મોકો મળ્યો. હુબલીના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે હુબલી મહાજન પાસે પુરતું ભંડોળ છે એ તેમની પાસેથી જાણી-સમજીને મને ખૂબજ આનંદ થયો. ફક્ત થોડાંક જ કિસ્સામાં ઉચ્ચ શિક્ષણ માટે જ્ઞાતિની અન્ય સંસ્થાઓ પાસેથી હુબલીના વિદ્યાર્થીઓએ મદદ લીધી હતી.*

*હુબલી મહાજન પાસે સારી એવી મિલકતો છે અને જ્ઞાતિજનો પણ સુખી જીવન જીવી રહ્યા છે તેવી જ રીતે ગદગ મહાજન પાસે પણ સારી એવી મિલકતો છે તેમજ ત્યાંના જ્ઞાતિજનો પણ સમૃધ્ધ છે.*

*મને લાગે છે કે મુંબઈ તથા આસપાસના વિસ્તારોમાં ખરાબ સ્થિતિમાં રહેનારા તથા ઓછા પગારમાં કામ કરનારા જ્ઞાતિજનોએ હુબલી, ગદગ તથા દેશના અન્ય વિસ્તારોમાં, કે જ્યાં આપણી જ્ઞાતિ મજબુત છે, ત્યાં સ્થળાંતર કરવું જોઈએ. ત્યાંના મહાજનોએ આગળ આવી આપણા જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે જરૂરી કાર્ય કરવું જોઈએ.*

*આજે આપણી દિકરીઓ નાના શહેરોમાં રહેતા યુવકો સાથે પરણવા તૈયાર નથી તેમજ તેમના માવિત્રો પણ દિકરીઓને નાના શહેરોમાં લગ્ન કરી સ્થાયી થવા પ્રોત્સાહિત કરતા નથી. મારું માનવું છે કે દિકરી અને તેમના માતા-પિતાએ પણ તેમની માનસિકતા બદલવી જોઈએ. નાના શહેરોમાં જીવન પધ્ધતિ મોટા શહેરો કરતા સારી અને તંદુરસ્ત છે. બધા પ્રકારના ફાસ્ટ ફુડ તથા અન્ય સુવિધાઓ નાના શહેરોમાં હવે ઉપલબ્ધ છે તથા મુંબઈ કે જ્યાં આપણી જ્ઞાતિનો મોટા પ્રમાણમાં વસવાટ છે, તેની સાથે ઝડપી વાહન વ્યવહાર પણ ઉપલબ્ધ છે.*

*નાના શહેરોના સ્થાનિક મહાજનોએ નવયુવાનોને નવા સાહસો શરૂ કરવા માટે ભંડોળની વ્યવસ્થા કરવી જોઈએ જેથી યુવાનો મોટા શહેરો તરફ દોટ મૂકવાને બદલે નાના શહેરોમાં જ પોતાનો ધંધો વિકસાવી શકે.*

*તેવી જ રીતે નાના શહેરોના સ્થાનિક મહાજનોએ પોતાની માલિકીની મિલકતોની યોગ્ય જાળવણી તથા વ્યવસ્થા કરવી જોઈએ અને દુર્લક્ષને કારણે મિલકતો ગુમાવવી ન પડે એના ઉપર ધ્યાન આપવું જોઈએ.*

*આપણા વિવિધ મહાજનો અને ટ્રસ્ટોની મિલકતોની જાળવણી જરૂરી છે. પ્રકાશ સમીક્ષા મિલકતોની વિગતો પ્રકાશિત કરવા તૈયાર છે તો જ્ઞાતિજનોનો પ્રતિસાદ અપેક્ષિત છે.*

*ઉપરોક્ત મુદ્દાઓ ઉપર જ્ઞાતિજનો ધ્યાન આપી આવશ્યક કદમ ઉઠાવી, નાના શહેરોને અવગણવાનું છોડી પોતાનું જીવન આનંદમય બનાવે.*

**– *ડૉ. હિરાચંદ દંડ*, Mob.: 7738508150**

### નિવેદન

ક.દ.ઓ. સમાજની સેવા સંસ્થાઓમાં પ્રથમ વખત ટ્રસ્ટી તરીકે ચુંટાયેલા જ્ઞાતિજનોએ પોતાનો મોબાઇલ નંબર, ઈમેઇલ આયડી મોકલવા વિનંતી. જેથી તેમની ટેલિફોનિક મુલાકાત લઇ શકાય.

**– તંત્રી મંડળ**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## વતનના વર્તમાન

### ગુપ્ત - મૈત્રક ખજાનો જીરાવલ્લા પર્યટનની તક ખુલશે

તાજેતરમાં પુરાતત્વ શાસ્ત્રીઓને મૈત્રક અને ગુપ્ત કાળ જેવા પ્રાચીન ભારતના મહત્વના કાળખંડના કેટલાક અવશેષો નાની રાયણ ગામે મળી આવતાં કચ્છના પ્રાચીન ઈતિહાસ પર નવો પ્રકાશ પડશે.

રૂકમાવતીના પટમાં નાની રાયણ ગામ નજીક મહારાજ સયાજી રાવ યુનિ. ના પુરાતત્વ વિભાગના પ્રો. ડૉ. પ્રકાશચંદ્ર અને પ્રો. અજીત પ્રસાદના માર્ગદર્શન હેઠળ ચાલતા સંશોધન કાર્ય દરમિયાન બીજી સદીના સમયનો બનાવાયેલો રૂમ અને ૪.૫ મીટરની ટાંકી, માટીના વાસણોના ટુકડા, શંખ, કોડી જેવી અસખ્ય વસ્તુઓ મળી આવી છે. અહીં રોમન પોટરીના અવશેષ પણ મળ્યા છે.

ધાતુ ગાળવાના સાધનો, કૃષિ ઉપકરણો વગેરે મળતા સૈંધવ - સારસ્વતી સંસ્કૃતિના લિંક મળવાની ધારણા મૂકાય છે. આમ કચ્છ એક પુરાતાત્વિક પર્યટન સ્થળ અને અભ્યાસની વિરાટ તક પૂરી પાડશે એવી આશા છે.

### 'કારાયલ'ને પદ્મશ્રી

કચ્છી કવિ નારાયણ જોશી કારાયલને તેમની કચ્છી ભાષાની વિશિષ્ટ સેવા અને 'કારાયલ નો કેકારવ' જેવી રચનાઓને અનુલક્ષી કેન્દ્ર સરકારે પદ્મશ્રી થી નવાજ્યા છે.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## શ્રી મનોજ દામજી લોડાયા (બાંઢીયા – ભાંડુપ)

આપણી જ્ઞાતિની સંસ્થાના ટ્રસ્ટી મંડળમાં પ્રથમ વખત ચુંટાઇ આવેલા જ્ઞાતિજનનો પરિચય આપવાની લેખમાળામાં આ અંકમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે ચુંટાયેલા સમર્પિત કાર્યકર શ્રી મનોજ દામજી લોડાયા (બાંઢીયા – ભાંડુપ) સાથેની ટેલિફોનિક મુલાકાત પ્રગટ કરીશું.



**પ્ર.સ.: આપશ્રીએ પ્રથમ વખત શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ચુંટણીમાં ઝુકાવ્યું હતુ. આ અગાઉ આપે શ્રી મુંબઇ મહાજનની ચુંટણી લડી હતી ?**

**ઉત્તર :** આ વર્ષે પ્રથમ વાર શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી મુંબઇ મહાજનની ચુંટણી લડ્યો છું. આ અગાઉ ઇ.સ. ૨૦૧૦-૧૫ દરમ્યાન હું કો-ઑપ. સભ્ય હતો.

**પ્ર.સ.: આ વર્ષે આપશ્રીએ શા માટે શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ચુંટણીમાં ઝુકાવ્યું ? અનંતસિધ્ધિના રિડેવલમેન્ટ માટે ? આ જ તમારો મુખ્ય ઉદ્દેશ છે ?**

**ઉત્તર :** મેં આ વર્ષે ચુંટણી લડવાનો નિર્ણય કર્યો કારણ કે આપણી જ્ઞાતિ માટે ઘણું બધું કાર્ય થઇ શકે. મારૂં મુખ્ય લક્ષ્ય આવાસ યોજના તથા ટ્રસ્ટની મિલકતોનું ડેવલપમેન્ટ જ છે. મને જાણ છે ત્યાં સુધી ઇ.સ. ૧૯૯૯માં કાંજુરમાર્ગ ખાતે અનંતનાથ કોમ્પલેક્ષના નિર્માણ પછી મુંબઇમાં આવાસ સુવિધા માટે કોઇ પણ નવું આયોજન હાથ ધરાયું નથી. ટ્રસ્ટ પાસે રહેઠાણ સુવિધાઓ માટે ૪૦૦ થી વધુ અરજીઓ આવેલી છે અને જરૂર છે આપણા જ્ઞાતિબંધુઓ માટે કશુંક નક્કર કરવાની.

મારૂં મુખ્ય ધ્યેય ફક્ત અનંતસિધ્ધના રીડેવલપમેન્ટ પુરતું મર્યાદિત નથી પરંતુ ટ્રસ્ટની અન્ય મિલકતોનું ડેવલપમેન્ટ પણ થવું જરૂરી છે.

હું ઐરોલી વાડીનું કાર્ય પુરૂં થાય એમ પણ ઇચ્છું છું.

**પ્ર.સ.: અનંતનાથજી ટ્રસ્ટ પાસે અનંતસિધ્ધિ તથા અન્ય મિલકતોના રિડેવલપમેન્ટ માટે આવશ્યક ભંડોળ નથી એ આપણે સમજીએ છીએ.**

**ઉત્તર :** ટ્રસ્ટને અનંતછાયા ફ્લેટોના વેચાણમાંથી રૂા. ૪૫ કરોડ મળ્યા છે જેનો ઉપયોગ રિડેવલપમેન્ટ માટે કરી શકાય.

**પ્ર.સ.: પ્રકાશ સમીક્ષાની જાણકારી મુજબ ટ્રસ્ટ એ રકમનું માત્ર વ્યાજ જ વાપરી શકે એવો હાઇકોર્ટનો ઓર્ડર છે. તો ૪૫ કરોડનું વ્યાજ રિડેવલપમેન્ટની પ્રક્રિયાઓ માટે ખૂબજ નાની રકમ થાય. આપનો શું મત છે ?**

**ઉત્તર :** આ માટે હાઇકોર્ટના આદેશનો અભ્યાસ કરવો પડશે અને હવે અનંતછાયાના અગાઉના ભાડૂતોને ફ્લેટસનો કબજો સોંપાઇ ગયો છે એટલે વેચાણની રકમ માટેનો માર્ગ નીકળી શકે.

**પ્ર.સ.: અનંતસિધ્ધિના ભાડૂતોને નવા ફ્લેટસના માલિક બનાવવા જોઇએ કે માલિકી હક્ક ટ્રસ્ટ પાસે જ રાખવા જોઇએ ? તમારો મત શું છે ? અને ટ્રસ્ટ તે વહીવટ કરી શકશે ?**

**ઉત્તર :** આ માટે ઉંડો અભ્યાસ જરૂરી છે. ટ્રસ્ટ માટે શું સારૂં છે તથા જ્ઞાતિ માટે શું સારૂં છે એ વિચારવું જોઇએ. ભાડુતોને માલિકી હક્ક આપવા કે ટ્રસ્ટ પાસે જ માલિકી હક્ક રાખવા એનો નિર્ણય આ અંગેની બધી બાબતોના ઉંડા અભ્યાસ પછી જ થઇ શકે.

**પ્રકાશ સમીક્ષા તરફથી શ્રી મનોજભાઇ લોડાયાને શુભકામનાઓ.** **– ડૉ. હિરાચંદ દંડ**

### નમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષાએ કે.ડી.ઓ. મહાજનો તથા ટ્રસ્ટો દ્વારા ભારતભરમાં માલિકીયત ધરાવતી મિલકતોની યાદી બનાવવા નિર્ધાર્યું છે. આપણી જ્ઞાતિના વિવિધ મહાજનો ટ્રસ્ટોની આર્થિક મજબૂતી જાણવા આ બાબત ઉપયોગી બની રહેશે. તદ્ઉપરાંત આ મિલકતોની સુધારણા તથા સદ્ઉપયોગ માટેના સૂચનો પણ જ્ઞાતિજનો પાસેથી મળી રહેશે.

આ માટે જ્ઞાતિના તમામ ટ્રસ્ટો અને મહાજનોને વિનંતી છે કે આ અંગેની માહિતી ઇમેઇલ kdoprakash@gmail.com ઉપર અથવા **C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Madhu Entertainment & Media Ltd., A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate, Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. ઉપર પત્ર દ્વારા મોકલી આપે. **– તંત્રી મંડળ**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન
# શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

## જખૌવાસીઓ અને નિયાણીઓનું સંમેલન તા. ૧૯ મી જાન્યુઆરી ૨૦૨૦

શ્રી ક. દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજનના નેજા હેઠળ શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ ટ્રસ્ટના સથવારે આયોજિત, જખૌવાસીઓ અને નિયાણીઓનું સંમેલન તા. ૧૯ મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ લાયન્સ કોમ્યુનિટી સેન્ટર ઘાટકોપર ખાતે આનંદ ઉલ્હાસ પૂર્વક ઉજવાયું.

તીર્થાધિપતિ મહાવીરસ્વામીના આશીર્વાદ, ૧૮-૧૮ વરસીતપના આરાધક, જખૌપ્રેમી, શાંતમુર્તિ આ.ભ. કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., મુનિવર શ્રી કલ્પતરૂ મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા.ની નિશ્રા, ૨૩-૨૩ વરસીતપના આરાધક, મા સરસ્વતીના કૃપાપાત્ર એવા **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** નું સૂત્ર સંચાલન અને ૫૫૦ જખૌવાસીઓની ચડતા ભાવે હાજરીએ ૧૭૨ મી ધ્વજાના ચડાવાના કાર્યક્રમને ચિરસ્મરણીય બનાવ્યો.

આ.ભ. કવીન્દ્રસાગરસૂરીશ્વરના સામૈયા બાદ મહાજન પ્રમુખ **શ્રી કાંતિભાઈ વીકમશી,** મુખ્ય અતિથિ **સૌ. મધુરીબેન વીકમશી,** અતિથિ વિશેષ **શ્રી પીયૂષભાઈ નાગડા,** મેનેજીંગ ટ્રસ્ટી **શ્રી હરીશ ધરમશી,** ટ્રસ્ટના ચેરમેન **શ્રી રાયચંદભાઈ જીવાણી,** મહાજનના સેક્રેટરીઓ **શ્રી જયંતીભાઈ મૈશેરી** અને **શ્રી ચાંપશીભાઇ હેફા** દ્વારા માન્યવર અતિથિઓના સથવારે દીપ પ્રજ્વલન એને આચાર્ય સાહેબના આશીર્વચન પછી કાર્યક્રમનો શુભારંભ થયો. પ્રમુખશ્રી કાંતિભાઈ કરમશી વીકમશીનું સ્વાગત પ્રવચન, ગત ૩ વર્ષ દરમિયાન અરિહંત શરણ થયેલ ગામવાસીઓને શ્રધ્ધાંજલિ, તારલા અને વિરલાઓનું સન્માન, અતિથિ વિશેષ અને મુખ્ય અતિથિઓના પ્રવચન પછી મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરીશ દામજી ધરમશી એ વિશાળ LED Screen પર દેરાસરના જિર્ણોધ્ધારની વિગતવાર જાણકારી આપી તેમજ નૂતન અતિથિગૃહ અને ભોજનશાળા વિશે જાણકારી આપી મંચ શ્રી નરેન્દ્રભાઈને સોંપ્યું.

આચાર્ય કવીન્દ્રસાગરસૂરીશ્વરજી અને શ્રી નરેન્દ્રભાઇએ જખૌના પોતાના સંસ્મરણો યાદ કરી ગામવાસીઓની ભાવનાઓ જાગૃત કરી અને શરૂ થયો ચડાવાનો કાર્યક્રમ. જોતજોતામાં ગામવાસીઓ અને નિયાણીઓએ ચડતા ભાવે, ઉદારદિલે પોતાની ઝોળીઓ ખુલ્લી મૂકી લાભ લીધો. અષ્ટપ્રકારી પૂજા સામગ્રીના ચડાવા પણ જોતાજોતામાં લેવાઈ ગયા, પછી શ્રી નરેન્દ્રભાઇએ નૂતન અતિથિગૃહ માટે રૂા. ૫ લાખ પ્રતિ રૂમની ટહેલ મૂકી અને શ્રેષ્ઠીવર્યોએ ૧૨ રૂમ માટે અર્ધા કલાકની અંદર નામો લખાવી દીધા. ભોજનાલયના રાચરચીલા માટે અને સ્ટોર રૂમ માટે પણ નામો તુરંત આવી ગયા. **અતિથિગૃહના વિન્ગ દાતા, ભોજન કક્ષ, તપસ્વી ભોજનકક્ષ, અન્નપૂર્ણા રસોઈગૃહ** માટે દાતા આવકાર્ય છે.

સર્વસાધારણ સ્કીમમાં નામો તથા ભોજનશાળા ફોટો સ્કીમમાં ઘણા નામો તુરંત આવી ગયા અને હજુ પણ આવેજ છે.

મહાજન જનરલ ફંડમાં પણ બધાએ ઉદાર દિલે ફાળો નોંધાવ્યો.

દરવાજામાં રંગોળી, સેલ્ફીબૂથ, વિશાલ LED સ્ક્રીન, આધુનિક Technology નો ઉપયોગ વગેરેથી આ કાર્યક્રમમાં ચાર ચાંદ લાગ્યા.

આભારવિધિ શ્રી જયંતીભાઈ મૈશેરીએ કર્યા બાદ ભાવતા ભોજનીયાને ન્યાય આપી ૩૧મે અને ૧લી જૂન ૨૦૨૦ના ધ્વજ વર્ષગાંઠ વખતે જખૌ મળવાનો કોલ આપી બધા છુટા પડ્યા. બધા દાતાઓની ખૂબ ખૂબ અનુમોદના અને ગામવાસીઓ તથા નિયાણીઓનો હૃદયપૂર્વક આભાર. દાતાઓનું લિસ્ટ નીચે આપેલ છે.

## અતિથિગૃહમાં એક રૂમ રૂા. ૫,૦૦,૦૦૦/- ના દાતા

૧) સૌ. કાશ્મીરાબેન કાંતિલાલ વીકમશી, હસ્તે પ્રતીક કાંતિલાલ વીકમશી

૨) કાયાણી પરિવાર હસ્તે કાંતિલાલ, કિશોર, પંકજ, જયરાજ તથા હીરાચંદ કાયાણી

૩) સૌ. મધુરીબેન કિશોર વીકમશી, હસ્તે હંસુ નિરેન કિશોર વીકમશી, દેવાંશી, નેમિષા, દીનીષા નિરેન વીકમશી

૪) માતુશ્રી રતનબેન પદમશી લોડાયા, નાસિક, હસ્તે પ્રદીપ પદમશી લોડાયા અને ભુપેન્દ્ર પદમશી લોડાયા

૫) માતુશ્રી પ્રમિલાબેન જયંતીલાલ મૈશેરી પરિવાર, હસ્તે પુત્ર - પુત્રવધુ રિના -પ્રિતેશ, જીનાલી- પારસ અને પૌત્ર પૌત્રી જીનાલી, જસ, પ્રિયા અને પુનિત.

૬) માતુશ્રી જયાબાઈ શિવજી મૈશેરી પરિવાર હ. પોમેશભાઈ.

૭) માતુશ્રી દમયંતિબેન શામજી શિયાલ, હસ્તે લીનાબેન હંસકુમાર શાહ (શિયાલ)

૮) સ્વ. હેમલતાબેન વસંત વીકમશી હસ્તે વસંતભાઈ કરમશી વીકમશી

૯) કેતન તથા પુરબાઈ મણશી બૂકસેલર, હસ્તે કુંજીકા મણશી બૂકસેલર (શિયાલ)

૧૦) પૂર્વા અને સ્મિતા રાયચંદ જીવાણી, હસ્તે રાયચંદ દેવશી જીવાણી

૧૧)માતુશ્રી રતનબાઈ મેઘજી કુંવરજી નાગડા, ડોંડાઈચા હસ્તે સુપુત્રી જમાઈ હિના જીતેન્દ્ર લોડાયા દોહીત્ર - દોહીત્રી વધુ હિરલ આદિત્ય લોડાયા, સાયલી ભાવિક લોડાયા

૧૨) લક્ષ્મીચંદ શામજી મૈશેરી હસ્તે હરીશ લક્ષ્મીચંદ મૈશેરી

## નૂતન ભોજનાલય દાતા

૧) **સ્ટોર રૂમના દાતા (રૂા. ૩ લાખ)** - સૌ. નલિનીબેન ચંદ્રકાન્ત શામજી નાગડા (ચાચાવાળા), હસ્તે ચંદ્રકાન્ત શામજી નાગડા

૨) **ભોજનાલય રાચરચીલું દાતા (રૂા. ૩ લાખ)** : માતુશ્રી દમયંતીબેન શામજી શાહ (શિયાલ) હ. લીનાબેન હંસકુમાર શાહ

## સર્વસાધારણ ફંડના દાતા રૂા. ૧,૨૫,૦૦૦/-
## (એકસામટા/માસિક/વાર્ષિક હાફતે થી ૩ વર્ષમાં આપવાના છે)

૧) શ્રી શામજીભાઈ ભવાનજી ઝવેરી
૨) સૌ. માલતીબેન હરીશ ધરમસી
૩) માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી શિયાલ, હસ્તે અનિલ શિયાલ
૪) માતુશ્રી પુષ્પાબેન ધનરાજ મુનવર, હસ્તે વયેશ તથા જયેશ મુનવર
૫) માતુશ્રી રતનબાઈ ઉમરશી જીવાણી, હ. પ્રવિણાબેન શશીકાંત મુનવર
૬) જય જીનેન્દ્ર ગૌતમનિધી ટ્રસ્ટ – અજોડ શાસન પ્રભાવક પ.પૂ. આ.ભ. કવીન્દ્રસાગરસૂરીશ્વર મ.સા. અને જ્યોતિષાચાર્ય પ.પૂ. આ.ભ. વીરભદ્ર સાગરસૂરીશ્વરજી મ.સા. ના સંયમ સુવર્ણવર્ષની અનુમોદનાર્થે.
૭) ચંદુલાલ માણેકજી ખોના, હસ્તે લક્ષ્મીબેન ચંદુલાલ ખોના
૮) હંસકુમાર શામજી શાહ (શિયાલ),હ. લીનાબેન હંસકુમાર શિયાલ.

## જખૌ ૧૭૨ મી ધજાના લાભાર્થી પરિવાર

૧) **સુવિધિનાથજી જિનાલય (રૂા. ૭૧,૧૭૧/-) :** શ્રી હીરાચંદ અરજણ પટેલ પરિવાર, હસ્તે રૂપલ શૈલેષ પટેલ
૨) **આદિનાથ જિનાલય (રૂા. ૭૧,૧૭૧/-):** માતુશ્રી પુષ્પાબેન શિવજી જીવાણી, હ. પ્રણવ, રાજુલા રાજેશ જીવાણી
૩) **ચંદ્રપ્રભુ જિનાલય (રૂા. ૫૧,૧૫૧/-) :** માતુશ્રી લીલાવંતી કેશવજી ધનજી મોતા પરિવાર હસ્તે અ.સૌ. કલ્પના વિજય મોતા તથા શૌર્ય ઉમંગ મોતા
૪) **ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય (રૂા. ૭૧,૧૭૧/-) :** કાયાણી પરિવાર હસ્તે કાંતિલાલ, કિશોર, પંકજ, જયરાજ, હીરાચંદ અને કિરીટ કાયાણી (ખોના)
૫) **શાંતિનાથ જિનાલય (રૂા. ૫૧,૧૫૧/-) :** માતુશ્રી ગંગાબાઈ ખેતશી મુરજી શિયાલ અને મા. સોનબાઇ વિસનજી ખીમજી મૈશેરી પરિવાર, હસ્તે હીરાચંદ શિયાલ અને નવીન મૈશેરી
૬) **ગૌતમસ્વામી દેવકુલિકા (રૂા. ૫૫,૫૫૫/-) :** સૌ.કાંતાબેન હંસકુમાર લોડાયા
૭) **મહાકાલી માતાજી ની દેરી (રૂા. ૭૫,૫૭૫/-) :** હંસકુમાર શામજી શિયાલ (શાહ)
૮) **લાભાર્થી બહુમાન (રૂા. ૫૧,૧૫૧/-) :** શ્રી હંસકુમાર શામજી શિયાલ (શાહ)

## અષ્ટપ્રકારી પૂજા સામગ્રીના વાર્ષિક ચડાવાના લાભાર્થી પરિવાર

૧) **અંગલૂછણા (રૂા. ૫૧,૧૫૧/-) :** માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા પરિવાર તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા પરિવાર, હસ્તે ભરત પદમશી મોમાયા
૨) **વાસક્ષેપ (રૂા. ૨૫,૫૨૫/-) :** માતુશ્રી રંજનાબેન પ્રફુલ શિયાલ તથા માતુશ્રી અરૂણાબેન પ્રતાપ મોતા, હસ્તે હંસકુમાર શાહ (શિયાલ)
૩) **પક્ષાલ (રૂા. ૫૧,૧૫૧/-) :** માતુશ્રી ગંગાબાઈ ઠાકરશી લોડાયા તથા મીનાબેન ભરત લોડાયા, હ.ભાવિન અને રોહન ઠાકરશી લોડાયા
૪) **સુખડ, કેસર સામગ્રી (રૂા. ૭૨,૨૭૨/-) :** સૌ. મધુરીબેન કિશોર વીકમશી, હસ્તે હંસુ નિરેન કિશોર વીકમશી અને દેવાંશી, નેમિષા, દીનીષા નિરેન વીકમશી
૫) **ધૂપ સામગ્રી (રૂા. ૩૬,૬૩૬/-) :** સૌ. હિરલ મિથુન જીવાણી, હસ્તે મિથુન રાયચંદ જીવાણી
૬) **ફુલ સામગ્રી (રૂા. ૩૩,૩૩૩/-) :** માતુશ્રી લીલા નરેન્દ્ર મૈશેરી, હસ્તે દીપેશ નરેન્દ્ર ભવાનજી મૈશેરી
૭) **અખંડ દિપક (રૂા. ૪૫,૧૪૫/-) :** સૌ. ભાગ્યલક્ષ્મીબેન નીતિન નાગડા, હસ્તે નીતિનભાઈ (પ્રેરણા : સાધ્વીશ્રી વંદનગુણાશ્રી મ.સા.)
૮) **મોરપીંછ સામગ્રી (રૂા. ૧૩,૧૧૩/-) :** માતુશ્રી લીલા નરેન્દ્ર મૈશેરી, હસ્તે રિવંશ, મેહ્યાન, નિશિકા
૯) **શુધ્ધિકરણ સામગ્રી (રૂા. ૫૧,૧૫૧/-) :** સૌ. લક્ષ્મીબેન કિશોરભાઈ શિયાલ, હસ્તે રૂપલ શૈલેષ પટેલ.

## ભોજનશાળા ફોટો સ્કીમમાં નામ નોંધાવનાર ભાગ્યશાળીઓ (ફાળો રૂા. ૧૧,૦૦૦/-)

૧) શ્રી પંકજ શામજી લોડાયા, હસ્તે શામજી કુંવરજી લોડાયા
૨) સ્વ. દામજી વેરસી ધરમશી હસ્તે હરીશ દામજી ધરમશી
૩) સ્વ. મુકેશ વીરચંદ મૈશેરી હસ્તે પ્રિતા મુકેશ મૈશેરી
૪) સ્વ.વાલજી ઉમરશી મૈશેરી, હસ્તે મહેશ વાલજી મૈશેરી
૫) માતુશ્રી દિમુબાઈ વેલજી કાયાણી હસ્તે કિરીટ કાયાણી
૬) સ્વ. વેલજી ભારમલ કાયાણી હ. હીરાચંદ તથા કિરીટ કાયાણી
૭) શ્રી સુરેશ શિવજી લોડાયા (૯૯)
૮) જયાબેન સુરેશ શિવજી લોડાયા
૯) સ્વ. પ્રેમચંદ વીરચંદ નાગડા હ. ભારતી પ્રેમચંદ વીરચંદ નાગડા
૧૦) સ્વ. સોમચંદ ગોવિંદજી નાગડા હસ્તે પિયુષ સોમચંદ નાગડા
૧૧) સ્વ. કલ્પેશ સોમચંદ નાગડા, હસ્તે પિયુષ સોમચંદ નાગડા
૧૨) માતુશ્રી હિરબાઈ દેવશી વીકમસી હસ્તે હિરબાઈ દેવશી વીકમસી પરિવાર
૧૩) માતુશ્રી જયવંતીબેન કાંતિલાલ ગોવિંદજી નાગડા હસ્તે કાંતિલાલભાઈ
૧૪) સ્વ. રમેશ કુંવરજી પરબત ખોના હસ્તે પ્રમિલા, ગૌતમ, સૌમિલ
૧૫) શ્રીમતી હીરામતી લખમશી વિસનજી નાગડા, હસ્તે રાજકુમાર લખમશી નાગડા
૧૬) સ્વ. જયાબેન વાલજી મૈશેરી હસ્તે વિજય વાલજી મૈશેરી
૧૭) સ્વ. મૂલચંદ માડણ સોની, હસ્તે હર્ષિલ કમલેશ સોની
૧૮) સ્વ.નવીનચંદ્ર માણેકજી રતનશી ખોના, હ. સમીર નવીન ખોના
૧૯) સ્વ. મૂલચંદ લાલજી ખોના હસ્તે પુષ્પાબેન
૨૦) સરોજબેન દેવશી વીકમસી
૨૧) માતુશ્રી રતનબેન લખમશી નાગડા
૨૨) સ્વ. મુલજી રતનશી મૈશેરી હસ્તે કાજલ મકવાણા
૨૩) માતુશ્રી દમયંતીબેન મુલજી મૈશેરી હસ્તે કાજલ મકવાણા

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન • શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**

જય જય શ્રી અનંતનાથ

ANANT YUVA SHAKTI

# અનંત યુવા શક્તિ

KDO
દશાઓની નવી દિશા

જય જિનેન્દ્ર

**મુંબઈમાં વસતા સર્વે કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો**

આપ સર્વે સુખરૂપ અને મજામાં હશો એવી આશા... વર્તમાનમાં અનંતનાથ ટ્રસ્ટ અને મુંબઈમાં મહાજનની ચૂંટણીમાં આપે **AYS** ને ખોબલે-ખોબલે મત આપી વિજયી કર્યા તે બદલ આપનો સહૃદય આભાર...

આપ સર્વે જ્ઞાતિજનોને જાણ છે કે અમે પહેલી એપ્રિલ ૨૦૨૦ થી અનંતનાથ ટ્રસ્ટ અને મુંબઈ મહાજનનો કાર્યભાર સંભાળવાની શુભ શરૂઆત કરશું. જેને હજી એક મહિનો અને થોડા દિવસો છે... પણ આપને આપેલ વચનને ખૂબ જલ્દી પરિણામ સુધી પહોંચાડવાના અમારા પ્રયાસોના આયોજનની પૂર્વ તૈયારી કરવાના હેતુથી આપ સૌને આ પત્ર લખ્યો છે.

વર્તમાનમાં જ્ઞાતિજનોની જરૂરિયાત પ્રમાણે શરૂઆતમાં અમોએ નીચે લખેલ પ્રોજેક્ટો હાથમાં લેવાનું વિચાર્યું છે.

**કસ્તુરી પદમ બેંક્વેટ (ઐરોલી)** અને બીજું **અનંત સિદ્ધિ ભાંડુપ નું રીડેવલપમેન્ટ**

આપને જાણ છે તેમ બેંક્વેટનું લગભગ મોટા ભાગનું કાર્ય પૂર્ણ થઇ ગયું છે ફક્ત ઇન્ટિરિયરનું કામ બાકી છે હવે આ પ્રોજેક્ટ માટે કેવી રીતે આગળ વધવું તેની તમારા સહુની અલગ અલગ વિચારધારા હશે...

બીજો પ્રોજેક્ટ અનંતસિદ્ધિ ભાંડુપ રીડેવલપમેન્ટનો, જ્યાં આદિનાથ જિનાલયના ૭૫ વર્ષ હવે પૂર્ણ થશે. ત્યાં આપણા ઉપાશ્રય, આદી અનંત આરાધના ભવન, જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથા સભાગૃહ તથા એક Banquet Hall, અરિહંત બેંક, અતિથીગ્રહ સાથે ગૃહ ઉદ્યોગ પણ આવેલું છે. આપણા લગભગ ૭૦+ જેટલા જ્ઞાતિજનો પણ ત્યાં રહે છે .

તે બાબતમાં આપ સૌના મંતવ્યો/સૂચનો અને ઠોસ ઉકેલ બાબત કોઈપણ વિચાર આપના મનમાં હોય તો અમને લખીને મોકલી શકો છો. અમોએ આ સાથે એક Whatsapp નંબર અને ઇ-મેલ આઇડી લખેલ છે, તેમાં તમે તમારા સુઝાવ લખી શકશો/મોકલી શકશો.

આપ અમને રૂબરૂ મળી વાતચીત કરી આપના વિચારો જણાવી શકો છો અથવા આપશ્રી અમને આપને ત્યાં બોલાવશો તો પણ અમે તે પ્રમાણે આવવા તૈયાર છીએ.

કાર્યભાર સંભાળવા માટે અમારા હાથમાં જે સમય છે તેનો સદુપયોગ કરી શકાય, માટે આ પત્ર આપશ્રી ને લખેલ છે જેથી એપ્રિલ મહિનાથી તે બાબત ત્વરિત કાર્ય શરૂ કરી શકાય.

પોઝીટીવ થીંકીંગ ની સાથે વીરમીએ છીએ...

**ધન્યવાદ...**

**અનંત યુવા શક્તિ વતી,**

**ચેતન મોતા**
**Mob.: 93222 82993**
bhomick.mota@bubblegumtours.co

**રાજુલ પટેલ**
**Mob.: 98202 00800**
rajulpatel13@yahoo.com

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૭

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

ગતાંકમાં આપણે જોઈ ગયા કે આત્માના સત્ય પ્રમાણે વિવેકમાં સ્થિર થઈને જીવનમાં ચાલવું તેનું નામ ધર્મ છે.

હવે આપણે જૈન ધર્મ અને અન્ય ધર્મોના તત્ત્વો, એની ઉદ્‌ભવતા, એનો ઈતિહાસ તપાસીએ તેથી આપણા જૈન સાધુ-સાધ્વી ભગવંતો પોતાના વ્યાખ્યાનોમાં ''જૈન ધર્મ જ શ્રેષ્ઠ છે અને જૈન ધર્મ માંથી જ મોક્ષ (મુક્તી) છે.'' તે કેટલી હદ સુધી સાચું છે તેના પર વિચાર વિમર્શ કરી શકાય.

**ઉપવાસ :-** દરેક ધર્મમાં ઉપવાસ કરવાની જુદી જુદી રીતો છે. જૈન ધર્મમાં ફક્ત પાણી ઉપર રહી ને કરવામાં આવતા ઉપવાસ, ઈસ્લામ ધર્મમાં ''રોજા'' જેમાં તેઓ વહેલી સવારના ખાવાનું બંધ કરી આખો દિવસ લગભગ ૧૬ થી ૧૮ કલાક પાણી પણ ન પીતા તેમજ થુંક પણ ભૂલચુકથી ગળી ન જવાય તેની તકેદારી રાખી રોજા કરે તેવા ઉપવાસ.

મારા એક મુસ્લીમ મિત્રને મેં જિજ્ઞાસાથી પૂછેલું ''અમારા ધર્મમાં તો ખાવાની છુટ નથી, તમારા ધર્મમાં તમે રોજા છોડો ત્યારે ખાઈ શકો છો.'' જવાબ મળેલ ''ભાઈ તમે ઉપવાસ દરમ્યાન પાણી પી શકો છો, અમારા રોજા ઉનાળા દરમ્યાન આવે ત્યારે ૧૬થી ૧૮ કલાક અમે પાણી પીવાનો તો શું, થુંક પણ ના ગળી જઈએ તેની ખાસ કાળજી લેવી પડે છે અને રોજા છોડીએ તો તળેલા અને અમુક પદાર્થોને ખાઈ ન શકીએ નહીં તો બીજા દિવસે રોજા કરવામાં બહુજ તકલીફ પડે.''

હિન્દુ ધર્મમાં લોકો જુદી જુદી જાતના ઉપવાસ, એક ટાણા કરતા હોય છે. અને તેમાં વિવિધતા હોય છે. ઉપવાસમાં ફરાળનું ખાવાની છુટ હોય છે. કેટલાક એક ખાદ્ય પદાર્થનું એક સમય પુરતું સેવન કરી ઉપવાસ કરતા હોય છે. તો વળી કેટલાક ફળાહારી ઉપવાસ કરતા હોય છે.

ખ્રિસ્તી ધર્મમાં પણ ''ફાસ્ટીંગ'' તો છે જ પણ કેટલાક આખા દિવસનો ઉપવાસ તો કેટલાક અમુક ખાદ્ય પદાર્થોનો ત્યાગ કરી ઉપવાસ કરતા હોય છે.

**ધર્મ ગ્રંથ :-** દરેક ધર્મ પાસે તેની મહત્ત્વતા સમજાવતા, તેના આચાર-વિચારનું વર્ણન કરતા ધર્મ ગ્રંથો છે.

ઈસ્લામ ધર્મ પાસે ''કુરાને શરીફ'' છે, ખ્રિસ્તી ધર્મની ઝીણી ઝીણી બાબતોને તેમના ગ્રંથ ''બાઈબલ''માં વણી લેવામાં આવી છે.

હિન્દુ ધર્મમાં અગણિત ગ્રંથો કે ધાર્મિક પુસ્તકો છે. રામાયણ, મહાભાતર, ભાગવત અને શ્રી કૃષ્ણે મહાભારતના યુદ્ધમાં મોહ પામેલ અર્જુનને ઉપદેશ આપતી ગીતા.

શીખ ધર્મમાં ગુરૂ ગ્રંથ સાહેબ.

જૈન ધર્મમાં પણ ૪૫ આગમ, કલ્પસુત્ર અને બીજા અનેક સુત્રો અને વિવેચન ઉપલબ્ધ છે. પણ આ બધાનો વિચાર એ ધર્મ વિશે વિગતવાર ચર્ચા દરમ્યાન કરશું.

**પ્રાર્થના :-** દરેક ધર્મમાં પ્રાર્થનાને મહત્ત્વ આપવામાં આવ્યું છે. કોઈ દેરાસરજીમાં પ્રાર્થના કરે, કોઈ મંદિરમાં, કોઈ મસ્જીદમાં નમાઝ પડે તો કોઈ ગિરજા ઘર (ચર્ચ)માં પ્રેયર કરે. કેટલાક બગીચામાં તો કોઈ શાંત નિર્જન સ્થળમાં ઈશ્વર, પ્રભુ, ભગવાન, અલ્લા, ગોડ઼ને યાદ કરે. ''પ્રાર્થના''ના પ્રકાર, તેના ફાયદા વગેરે પણ એક આખો લેખ લખી શકાય. પણ આપણા માટે એટલું જ જાણવું જરૂરી છે કે અનાદિકાળથી દરેક ધર્મે પ્રાર્થનાને મહત્ત્વ આપ્યું છે. પ્રાર્થનામાં શ્રદ્ધા ભળે તો સોનામાં સુગંધ ભળે. અહીં એક સરસ મજાની પ્રાર્થના યાદ આવે છે અને તેને અહીં ટાંકવાનો લોભ જતો કરી શકતો નથી.

**''શ્રદ્ધાના દિવડાને જલતો જ રાખજે,**
**નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે;**
**મનને મંદિરે જોજે અંધકાર થાય ના,**
**ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુજાય ના...**
**નૈયા ઝુકાવી મેંતો જોજે ડુબી જાય ના,**
**ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે ડુબાય ના...''**

શું આપણે મંદિર કે દેરાસરજીમાં જઈ પ્રભુ દર્શન કરતાં કરતાં પ્રાર્થનામાં ઓતપ્રોત થઈયે છીએ ? શું આપણે આપણી દુનિયાદારી, સાંસારીક ચિંતાઓને બહાર મુકી બે ઘડી પ્રભુ સન્મુખ થઈએ છીએ ? વિચાર કરી જો જો. ત્યારે જવાબ મળશે કે આપણી પ્રાર્થના નિષ્ફળ કેમ જાય છે ???

**ચાલો શ્રદ્ધાના દિવડાઓ પ્રગટાવીએ... !!!**

## સુથરી તીર્થે ઉજવાયેલ
## છ'રી પાલિત સંઘ - સંયમ જીવનની અનુમોદના - દીક્ષા પ્રદાન

અનંત પરોપકારી પરમાત્મા શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની કૃપા જ્યાં અવિરત વરસી રહી છે એવા સુથરી તીર્થમાં ત્રિવેણી સંગમ પ્રસંગ ઉભો થયો. તીર્થાધિપતિ દાદાના દરબારે તા. ૨-૧૨-૨૦૧૯ થી તા. ૮-૧૨-૨૦૧૯ દરમ્યાન ૧) છ'રીપાલીત સંઘનો પ્રવેશ. ૨) સંયમ જીવનની પરિપૂર્તી પૂર્ણ કરનારા તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. પ.પૂ. પ્રવર્તમાન મહત્તરા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. પ.પૂ. સાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ.સા. ની સંયમ જીવનની અનુમોદના.
૩) ગામ સુથરીના બાળ બ્રહ્મચારી શ્રી ગૌતમકુમારની પ્રવજ્યા દીક્ષા પ્રદાન.

*ધન ધન ધરા કચ્છ તણી તેમાં ભલી ભોમડા સુથરી ગામ*
*જેને ચારે બાજુ સંત-મહાત્માઓ પીર અને ફકીરોએ ઘેરીને રક્ષણ કરેછે એવા*
*શ્રી સુથરી એવા આ મહાતીર્થ ક્ષેત્રમાં અનેકો-અનેક પ્રસંગો યાદગીરી રૂપે ઉદભવ્યા છે.*

તા. ૨-૧૨-૨૦૧૯ ના દિવસે છ'રીપાલીત સંઘ પ્રવેશ અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. પ.પૂ. જ્યોતિષાચાર્ય શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. પ.પૂ. પ્રવર્તીની મહત્તરા સાધ્વી વસંતપ્રભાશ્રીજી મ.સા. વિશાલ શ્રમણ અને શ્રમણી ભગવંતો સહીત છ'રીપાલીત સંઘ સહ સંઘપતિઓ અને કાર્યકર્તાઓનું સુથરી સંઘમાં મંગળ પ્રવેશ સાથે સાથે ૫૨-૪૨ ગામના મહાજનો સહીતની નોંધનીય હાજરી હતી.

*હરખ ગેલીયું હેલે ભરીયું, શણગાર સજેલી ગજમાનીયું,*
*ઉમંગ ભરેલા નર-નાર ને બાળ, હલી પ્યાં વાડેજી વાટ.*

ઢોલ શરણાઈના સુર સહ સુથરીવાસીઓએ ઉર અને ઉમંગ સહ, છરી પાલીત સંઘના સંઘપતિઓ અને પ.પૂ. આચાર્ય ભગવંતો સહ શ્રમણ અને શ્રમણી સમુદાયને આવકાર આપવા તત્પર હતો જ.

પ.પૂ. સાધ્વીશ્રી જિન-પ્રજ્ઞાશ્રીજીની અંતરની પ્રેરણા અને ભાવના, પ.પૂ. સાધ્વીશ્રી વસંત પ્રભાશ્રીજીની સુથરી તીર્થ પ્રત્યેની લાગણીને વાચા-સ્વરૂપ છરી-પાલીત સંઘ સુથરી ગામે પ્રવેશ કર્યો. આ પ્રસંગ હંમેશા માટે યાદગીરી રૂપે રહેશે. માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવારે પ્રત્યેક છ'રી પાલીત યાત્રીને રૂા. ૫૦/- નું સંઘપૂજન કરી લાભ લીધેલ.

સુથરી ગામ માત્ર તિર્થભૂમિજ નહી પણ ધર્મ-ભૂમિ અને તપોભૂમિ પણ છે જ. અહીં ૧૪૮ વર્ષ પૂર્વે પ્રથમ (વિ.સ. ૧૯૨૮) પ.પૂ. આચાર્ય વિવેકસાગરસૂરીશ્વરજીનો દીક્ષા પ્રદાન પ્રસંગ હતો. ત્યારબાદ દાદા ગુરૂ ગૌતમસાગરજીએ સંવત ૧૯૪૯ જેઠ સુદ ૧૦ દ્વારા એક સાથે અપાયેલ ચાર દીક્ષાઓની જેમા સાધ્વી મહાત્તરા શીવશ્રીજી, ઉત્તમશ્રીજી અને લક્ષ્મીશ્રીજી અને મુનિરાજ ગુણસાગર દીક્ષીત થયેલા. આ ૧૨૭ વર્ષ પૂર્વેની વાત છે.

ત્યારબાદ અનેક પ્રસંગો-દીક્ષાઓ આચાર્યપદ પ્રદાન, તીર્થની શતાબ્દી-અર્ધ શતાબ્દિ વીરપ્રભુની ૨૫૦૦ વર્ષની ઉજવણીઓ આ ભૂમિના ઈતિહાસમાં પથરાયેલી છે.

તા. ૬-૧૨-૨૦૧૯ થી ૮-૧૨-૨૦૧૯ ના ત્રણેય દિવસો પ્રસંગને અનુરૂપ અનુષ્ઠાનોથી ભરપુર હતો. તા. ૨-૧૨-૨૦૧૯ થી છ'રી પાલીત સંઘનો સુથરી નગર પ્રવેશ થયો ત્યારથી સુથરીના ગામ વાસીઓ, નિયાણી બહેનો, દીક્ષાર્થીના પરિવારજનો સગા-સંબંધીઓ-મિત્રો-આમંત્રિતો અને વેવાઈ-વેલાઓ સહીત ૫૦૦ થી ૫૫૦ જણાની હાજરી નોંધાઈ. આ ઉપરાંત ૭૨ જૈન સાધુ-સાધ્વી ભગવંતો પણ તીર્થના આ પ્રસંગે ઉપસ્થિત રહી પ્રસંગને અલંકૃત કર્યા. આ સમગ્ર પ્રસંગ દરમ્યાન કોઈને શારિરીક તકલીફ થઈ હોય એવી એકપણ સમસ્યા કે ફરીયાદ ન હતી. આ એક તીર્થાધિપતિનો પ્રભાવ હતો. સમગ્ર કાર્યક્રમો નિર્વિઘ્ને નિરંતર રીતે ગતીમય અને સમયસર પૂર્ણ થયા.

### દીક્ષા પ્રસંગ

૧) તા. ૬-૧૧-૨૦૧૯ - સંયમ સુવાસોત્સવ :
મુહપત્તિ ઉપર કેસર છાંટણા, વસ્ત્ર રંગોત્સવ, બેઠું વર્ષીદાન છાબ સજાવટ, અનુમોદના, પ્રભુવીરની યશોગાથા
૨) તા. ૭-૧૨-૨૦૧૯ - કલ્યાણકોત્સવ :
વર્ધમાન શક્રસ્તવ અભિષેક, વર્ષીદાનની ભવ્યાતિભવ્ય રથયાત્રા, અંતિમ વાયણા, વિદાય સમારંભ (રૂડા રાજમહેલને ત્યાગી)
૩) તા. ૮-૧૨-૨૦૧૯ - સંયમ સ્પર્શોત્સવ :
પ્રભુનો સ્નાત્ર મહોત્સવ, નિજાનંદ રજોહરણ પ્રદાન મહોત્સવ, આ દિવસ એટલે અચલગચ્છાધિપતિ દ્વારા થયેલ ૧૯૫ મું રજોહરણ અને નામકરણ વિધિ સમયે ગૌતમકુમાર મુની શ્રી **ગોયમોદયસાગરજી** મ.સા. નામધારી બન્યા. આ પ્રસંગે

૭૨ થી અધિક શ્રમણ–શ્રમણી ભગવંતોની હાજરી સુથરીવાસી તથા નિયાણી પરિવાર, સ્નેહીજનો–આમંત્રિતોની ઉતારા–ગાદલા–પલંગ–ગરમપાણીની વ્યવસ્થા–મંડપ–ડેકોરેશન ભોજનકક્ષમાં બેસીને જમાડવાની વ્યવસ્થા–ટ્રાન્સપોર્ટ જેવી અનેક સમસ્યા વિના વિઘ્ને પાર પડી.

## દીક્ષાર્થી પરિવાર તરફથી આભારવિધિ

સર્વ આયોજન શ્રી સુથરી જૈન સંઘ, સોનથરી ગ્રુપ, HRD Committee નો સહકાર આપવા બદલ અંતઃકરણપૂર્વક આભાર માને છે. ભવિષ્યમાં આવનાર પ્રસંગો આવી જ રીતે ઉજવાય એવી ભાવના વ્યકત કરે છે. સાથે સાથે દીક્ષા મંડપના લાભાર્થી : **માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર** – સહયોગી પરિવાર તથા સ્તંભ દાતાઓનો પણ હૃદયપૂર્વક આભાર. અમારા સુકૃત કાર્યમાં ખભેથી ખભા મિલાવી, પ્રસંગ ઉપર હાજર રહી સુથરી ગામની આન–બાન–શાનમાં યશકલગી બન્યા.

વૈયાવચ્ચ સંભાળનાર તારાબેન પીર, ઈંદીરા છેડા, નયના છેડા, કાન્તાબેન પાલાણી, શિલ્પાબેન, ગુણવંતીબેન મોતા, રંજનબેન સોની, ગીતાબેન, નિર્મલા મોમાયા, રમેશ લોડાયા, વિજય ધુલ્લા, શૈલેષ ગોર, પુજારી નરેન્દ્રભાઈ તથા સંઘના સ્ટાફના માણસો તેમજ ખાસ કરીને મહેતાજી જીગ્નેશ છેડા ખડે પગે માણસો સાથે રાત દિવસ જોયા વગર કાર્ય કર્યું હતું. પોતાનો પ્રસંગ સમજીને દરેકનો પ્રસંગને ચાર ચાંદ લગાવવા બદલ અંતઃકરણપૂર્વક આભાર.

ભાવતા ભોજનીયા પીરસનાર પ્રતિક કેટરર્સ વાળા ભીખુભાઈ પદમશી શીયાલ, મંડપ વાળા સોમીલભાઈ (છેડા ડેકોરેશન) વિવિધ મંડપો ઉભા કરી પ્રસંગને અનુરૂપ સુંદર સજાવટ કરી તે બદલ તેમનો પણ આભાર.

ગામની સેવા માટે સદાય તત્પર એવા યોગેન્દ્રસિંહજી જાડેજા, સરપંચશ્રી, જાફરભાઈ બુઢ્ઢા વગેરે મહાનુભવોએ દરેક પ્રસંગોએ સાથ સહકાર આપ્યો. દીક્ષા મંડપ માટે ઝુંઝાર વાળો વાડો જાડેજા ભાયાત પરિવારનો તથા ફોટોગ્રાફર રીષભભાઈ નાગડા, મનીષ મોમાયાનો સહકાર બદલ આભાર. રંગોળી વાળા જગદીશભાઈ પંચાલ, મંડપ ડેકોરેશનવાળા મેહુલ ગડા તથા મૂળનાયક ગંભારાના ડેકોરેશનવાળા શ્રીમતી ભદ્રાબેન લહેરચંદ દંડ પરિવારે તો દાદને ફૂલોથી શણગારી આશ્ચર્ય ચકિત કરી દીધા. દાદા પ્રત્યેની ભાવના હંમેશા માટે બધાને યાદગાર બનાવી દીધી બધાનો ખૂબ ખૂબ આભાર. વિધિકાર/સંગીતકાર વિશાલભાઈ પંડીત–જય શાહ તથા શ્રેણિક ગાલા ત્રિપુટીએ સુંદર સંચાલન કરી પ્રસંગને યાદગાર બનાવ્યા બદલ ધન્યવાદ

અંતે દીક્ષાર્થી પરિવાર વતી સંસ્થાઓનો બધો સ્ટાફ તથા સ્થાનીક કાર્યકર્તાઓનો કવર/શાલ/પેન્ટ શર્ટપીસ તથા સ્થાનિક હિંદુ જૈન સમાજની મહિલાઓ ઘર દીઠ સાડીઓની ભેટ આપી તથા તથા સ્થાનિક દરેક ઘરે ગોળ/સાકર/ચા ની ૧–૧ કીલોની કીટ બનાવી દરેક ઘરે વર્ષીદાન રૂપે ભેટ આપી.

## મુખ્યદાતા પરિવાર

માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર

## દીક્ષા મંડપ દાતા પરિવાર

માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર

## લાભાર્થી દાતા પરિવાર

માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ છેડા પરિવાર
માતુશ્રી ભમલબાઈ પદમશી પૂંજાભાઈ પીર પરિવાર
માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી પરિવાર
માતુશ્રી કસ્તુરબાઈ વિશનજી દેવણાંધ ધરમશી પરિવાર
માતુશ્રી તેજબાઈ વિશનજી ઘેલાભાઈ છેડા પરિવાર

## સહયોગી દાતા પરિવાર

માતુશ્રી નેણબાઈ નાયક જેઠાભાઈ દંડ
શ્રીમતી અંજના જેમ્સ વુલસી (USA-New York)
શ્રીમતી કિરણ યોગેશ કુમાર (USA-New York)
માતુશ્રી વેજબાઈ હંસરાજ હરપાર લાલકા
એક સદ્‌ગૃહસ્થ તરફથી
માતુશ્રી ચંદનબેન હંસકુમાર ખેતશી નાગડા (કારાણી)
માતુશ્રી લીલાવંતી રતીલાલ કુંવરજી ધરમશી
શ્રીમતી જયશ્રીબેન અનંતરાય શાહ
માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારાણી
માતુશ્રી જેતબાઈ ખીમજી લખમશી મોમાયા
માતુશ્રી બાંયાબાઈ ભવાનજી ઝવેરી જખૌ
માતુશ્રી કુંવરબાઈ લક્ષ્મીચંદ મણશી ધરમશી
માતુશ્રી વિજયાબાઈ રતનશી વેરશી નાગડા
માતુશ્રી ચંદનબેન ખીમજી વેરશી નાગડા
માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ ખીંયરાજ ખોના
શ્રીમતી રમીલાબેન જીતેન્દ્રભાઈ પટેલ (USA-New York)
માતુશ્રી વિજયાબાઈ દેવશી રાયશી ધુલ્લા
માતુશ્રી બાંયાબાઈ ધનજી નાગડા
માતુશ્રી લીલાવંતીબાઈ આણંદજી કુરપાર ધરમશી

## દરેક સ્તંભદાતા પરિવારની ખુબ ખુબ અનુમોદના

માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર
માતુશ્રી તારામતિ મણીલાલ પદમશી લોડાયા પરિવાર
માતુશ્રી ચંદનબેન હંસકુમાર ખેતશી નાગડા (કારાણી)

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

**આયોજીત**

**જૈનમ આર્ટસ પ્રસ્તુત**

**હાસ્ય, રહસ્ય અને લાગણીઓના તરંગોમાં તરબોળ કરતું કચ્છી હૃદય સ્પર્શી નાટક**

## સંબંધ... સરનામે વગર જો...

**(લેખક/દિગ્દર્શક : રાજેશ ધનજી ગડા - લાયજા)**

**મુલુંડ :** સોમવાર, તા. ૧૬-૦૩-૨૦૨૦ના રાત્રે ૮.૦૦ કલાકે • **સ્થળ : કાલિદાસ નાટ્ય મંદિર, મુલુંડ**

**ડોમ્બીવલી :** ગુરૂવાર, તા. ૧૯-૦૩-૨૦૨૦ના રાત્રે ૭.૪૫ કલાકે • **સ્થળ : સાવિત્રીબાઇ ફુલે નાટ્ય મંદિર,** MIDC, ડોમ્બીવલી (પૂર્વ)

**-: પાસ વિતરણ :-**

| | |
|---|---|
| **પ્રયોગ : મુલુંડ - સોમવાર તા. ૧૬-૩-૨૦૨૦ માટે**<br>શુક્રવાર, તા. ૧૩-૩-૨૦૨૦ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે | **પ્રયોગ : ડોમ્બીવલી - શુક્રવાર તા. ૧૯-૩-૨૦૨૦ માટે**<br>રવિવાર, તા. ૧૫-૩-૨૦૨૦ સવારના ૧૦ થી ૨ કલાકે |
| **મુલુંડ : શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવપુંજ)**<br>**ઘાટકોપર : ઓલિમ્પિયા ટુર્સ,** જીરાવલ્લા દેરાસર સામે, દેરાસર લેન<br>**ભાંડુપ : શ્રી ક.દ.ઓ. મહાજન ઓફિસ,** અનંતસિધ્ધિ<br>**મસ્જિદબંદર : મુંબઇ મહાજન ઓફિસ** - ૨૩૪૪૮૨૭૪ | **ડોમ્બીવલી : શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બીવલી,**<br>ધનંજય અપાર્ટમેન્ટ |
| **નોંધ : કુટુંબ દીઠ ૨ (બે) પાસ** | **નોંધ : વહેલો તે પહેલાના ધોરણે પાસ વિતરણ થશે** |

# કચ્છમાં ૮૫ સાધર્મિક પરિવારોને રાશન સામગ્રી અર્પણ કરાઈ

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા**

**દાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ**ના સહયોગથી

ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ, પ્રવિણ લોડાયાના માર્ગદર્શન હેઠળ કચ્છમાં અબડાસા, ગાંધીધામ, મુંદ્રા, માંડવી વિસ્તારોમાં રહેતા **૮૫ સાધર્મિક પરિવારો**ને ૨૧ વસ્તુઓ સાથેની રાશન સામગ્રી ઘરે ઘરે જઈ હાથો હાથ અર્પણ કરવામાં આવેલ.

દરેક જીનાલયમાં ઉપકરણોની સામગ્રી, પૂજારીને પેન્ટ શર્ટ પહોંચાડવવામાં આવેલ. તેમજ **૧૭ જૈનેતર પરિવારો**ને પણ રાશન સામગ્રી આપવામાં આવેલ હતી.

માંડવી આશ્રમ, શ્રી રામદેવ સેવાશ્રમ, પાલારા કચ્છના માનસિક દિવ્યાંગોને તથા ભુજની માનસિક આરોગ્યની હૉસ્પિટલના દર્દીઓને વસ્ત્રો તથા મિઠાઈ, ઈમિટેશન જ્વેલરી અર્પણ કરવામાં આવેલ.

નાસ્તા પૅકેટ, પીપર, બીસ્કીટ, કચ્છના પેડા, લાકડીયા-ગાંઠીયા, મખાણીયા ગાંઠીયા, સેવ માતુશ્રી હીરબાઈ કુંવરજી લાલકા પરિવાર (વારાપધ્ધર) તેમજ નાઈટી, બરમુડા, ઠંડી માટે કોટી, પેટીકોટ, અનેક લોકોને ઘડીયાલ, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા (સાંધવ) તરફથી. માતુશ્રી હેમલતાબેન નવીનકાંત પીર (સુથરી), માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ (સાંધવ) ભાઈઓ માટે ટીશર્ટ, સ્ટીચ એલ. સંદીપ લોડાયા (સાંધવ-મુલુંડ) સુરવાલ-જબા-ટીશર્ટ, ચેતન દયારામ રાજગોર (સાંધવ-મુંબઈ) બહેનો માટે ઈમીટેશન જ્વેલરી - ચેન, પેંડલ, ચાંદલાઓ, અમેરીકન ડાયમંડની વીટીઓ. સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન. સર્વે લાભાર્થી પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના.

વિતરણ વ્યવસ્થા પ્રબોધ મુનવર, ભદ્રીકભાઈ મૈશેરી, કીરણ દંડ, પ્રવિણભાઈ મોતા, દીપેશ મુનવર, કુસુમ લાલકા, સોમચંદ નાગડા, રાજેશ દંડ, હીતેશ પટેલ, મુકેશ દંડ, રાજેશ લોડાયા, મહેશ નાગડા, મનોજ ગાલા, હુસેન હિંગોરા, શમક હિંગોરા, લાભેન્દ્ર રાજગોર, બુધીયા ગઢવીએ સંભાળી હતી.

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છમાં જૈન સમાજનો સુમહલગ્નોત્સવ ઉજવાયો ૧ અનાથ કન્યા સહિત ૧૩ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા સમસ્ત જૈન સમાજનો ૨૯મો સમુહ લગ્નોત્સવ શ્રી લીલાશા કુટીયા, આદીપુર મધ્યે ઉજવાયો હતો. જેમાં ૧૩ યુગલો જોડાયા હતા. લગ્નોત્સવ પ્રારંભે જીવદયારૂપે ગાય માતાઓને નિરાચારાને નિરણ નાખી કાર્યનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગ નજરે નિહાળવા સમાજવાસીઓ વિશાળ સંખ્યામાં જાનૈયા-માનૈયા ઉમટ્યા હતા. બે દિવસીય આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

**સમુહલગ્નનાં મુખ્ય દાતાશ્રીનો** લાભ શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી હ. શેઠશ્રી હંસ બી. ખીમજી (તેરા-માટુંગા), સહયોગી દાતાશ્રીઓ માતુશ્રી ઝવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી હ. ખુશાલ, રાહુલ, મેહુલ ધરમશી (ડી આર એલ) (સુથરી-બેંગલોર), એક સદ્‌ગૃહસ્થ પરિવાર (મુલુંડ).

**સહાયક દાતાશ્રીઓ :** માતુશ્રી દેવકાબાઈ નેણશી મોતા હ. ખીમજી નેણશી મોતા (વારાપધર), ભાટાપારા શ્રી માણેકજી ભવાનજી ભેદા (વારાપધર-મુલુંડ), માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ હ. નિલમ અનીલ દંડ (મંજલ રેલડીયા-ભાંડુપ), અ.સૌ. જ્યોતિબેન જીતેન્દ્ર જવેરચંદ ધરમશી (કોઠારા-ડોંબિવલી), માતુશ્રી રમીલાબેન ચીમનલાલ મોતા હ. અંકીત પ્રફુલ મોતા (તેરા-ઘાટકોપર), શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયા (તેરા-વડોદરા) અને શ્રી શરદ વીરચંદ દંડ (છાદુરા-સુરત), માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર મોટી સિંધોડી (મુલુંડ-ઘાટકોપર) રહ્યા હતા. લોનાવલા બાલાશ્રમની ૧ અનાથ કન્યા પણ કન્યાદાનના મુખ્ય દાતાશ્રીઓ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર હ. પ્રિયાંશી, દેવાંશી, પ્રિસા જયેશ લોડાયા (સાંધવ), શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ (શેરડી-મુલુંડ) હ. જયશ્રી મહેન્દ્ર પાસડ અને પ્રીતી પ્રફુલ પાસડ.

**કન્યાદાનના સહયોગી દાતાશ્રીઓ :** માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ મોમાયા (સાંયરા-મુલુંડ), સંઘવીશ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર (કોઠારા-મુલુંડ), માતુશ્રી હેમલતાબેન શાંતિલાલ કુંવરજી મોમાયા (વરાડીયા-ભાંડુપ), શ્રી જગદીશ કાનજી ધરમશી (ડી. એમ. ડાયમંડ) (તેરા-ઘાટકોપર), શ્રીમતી રસીલાબેન કનૈયાલાલ શાહ (લીંબડી-મુંબઈ)

**કન્યાદાનના આધારસ્તંભ દાતાશ્રીઓ :** શ્રી લલીત ટોકરશી લોડાયા (રાપરગઢવાળી-હૈદરાબાદ), શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા પરિવાર (બાંઢીયા-અમદાવાદ), શ્રી શૈલેશ સુધાકર યાજ્ઞિક (વાશી-નવી મુંબઈ), શ્રી હિરેન સોમચંદ ધુલ્લા (સુથરી-ડોંબિવલી), માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા (નલિયા-મુલુંડ), માતુશ્રી ઝવેરબાઈ ધનજી ધરમશી હ. કિર્તીભાઈ (સુથરી-બેંગલોર), માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી (સાંધાણ-બારશી), માતુશ્રી લક્ષ્મીબેન શાંતિલાલ કુંવરજી ધરમશી (અરિહંત કાર્સ) (સુથરી-મુલુંડ), માતુશ્રી હંસાબાઈ હિરાચંદ અરજણ પટેલ (બાંઢીયા-એરોલી), માતુશ્રી શાંતાબેન માવજી છેડા (સમૃદ્ધિ કેટરર્સ) (કારાઘોઘા-સાંતાક્રુઝ), શ્રી ઠાકરશી લાલજી પટેલ (સાંધવ-મુલુંડ), શ્રી લહેરચંદ નરશી લોડાયા (રાપરગઢ-ડોંબિવલી), માતુશ્રી મીઠીબાઈ રાયમલ મોમાયા (સુથરી-મુલુંડ), માતુશ્રી પ્રેમાબાઈ લાલજી અજાણી હ. દિનેશ અજાણી (મુલુંડ), માતુશ્રી પુષ્પાબેન પદમશી સાયલા (તેરા-મુલુંડ), માતુશ્રી કાંતાબાઈ જીવરાજ મોતા (વારાપધ્ધર-ઈન્દોર), માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી (નાની સિંધોડી-રાયપુર), માતુશ્રી હીરબાઈ નારાણજી લોડાયા (સાંધવ-પાલીતાણા), એક સદ્‌ગૃહસ્થ પરિવાર (ભાંડુપ), શ્રી ગુલાબભાઈ ધનજી દંડ (પરજાઉ-અમદાવાદ), એક સદ્‌ગૃહસ્થ પરિવાર (મુલુંડ), શ્રી નિષિથ આણંદીલાલ દંડ (તેરા-વડોદરા), અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા (સાંધવ-ઘાટકોપર), મે. સુવર્ણ પ્લાઝા (મુલુંડ-મુંબઈ), માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા (મા-ઓમ ટ્રાન્સપોર્ટ) (આરીખાણા-મુલુંડ), અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા (રાપરગઢ-ભાંડુપ), મે. સિનિયર ગ્રુપ ઑફ કંપની હ. મુલજી નરશી પોલડિયા (બાયઠ-વડાલા), માતુશ્રી દમયંતીબાઈ ચિમનલાલ નાગડા (નલિયા-મુલુંડ), માતુશ્રી કંચનબેન (દીપાલીબેન) ગુલાબચંદ નાગડા (રંગપુર-મુંબઈ), શ્રી સંદીપ જૈન (રાજસ્થાન-મુંબઈ).

**કન્યાદાનનો લાભ લેનાર દાતાશ્રીઓ :** શ્રી કીર્તીભાઈ વેલજી ધરમશી (મુલુંડ), શ્રી વિનય કુલીન લાપસીયા, કોઠારા (કપોળ સેનેટરીયમ - લોનાવલા), પ્રીતીબેન ભરત રાંભીયા (અમદાવાદ), શ્રી રજનીકાંત (નેણસીબાપા - લાલન - કોડાય - શ્રીમતી ઈન્દુમતીબેન લક્ષ્મીચંદ (લલાપો) પોલડીયા (બાયઠ), માતુશ્રી લલીતાબેન કેશવજી ધરમશી (રંગપુર), એક સદ્‌ગૃહસ્થ પરિવાર (ડોંબિવલી), શ્રી મણિકાંત વિસનજી નાગડા (તેરા), શ્રી નરેન્દ્ર નરશી લોડાયા (હુબલી), શ્રી પ્રદીપ ચત્રભોજ ઠક્કર, માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પીર (સુથરી), નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા (મુલુંડ), શ્રી નીરવ ઝવેરી (સુરત), શ્રી અલ્પેશ દિનેશ લાપસીયા (ઘાયકોપર), શ્રી મહેન્દ્ર દેવજી ખોના (અમદાવાદ), શ્રીમતી કલ્પનાબેન શામજી દંડ (સાંધવ), માતુશ્રી રાજબાઈ નરશી છેડા (આદીપુર), ડી.પી. ઝવેરી (મુંબઈ).

**કન્યાદાનમાં લાભ લેનાર પરિવારો :** દક્ષાબેન હંસકુમાર છેડા (સુજાપર), અનંત યુવા શક્તિ (મુંબઈ), શ્રી ભાલચંદ્ર ધનજી ધરમશી (સુથરી), નિર્મલા કેટરર્સ (લોનાવલા),

શેઠશ્રી કુસુમકાંત વર્ધમાન નાગડા (નલિયા), માતુશ્રી કસ્તુરીબાઈ ખેતશી શિયાળ (જખૌ), શ્રી ગીરીશ શિવજી મૈશેરી (ભાંડુપ), ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા), કૌશલભાઈ સંઘાણી, ગોવિંદજી મેઘજી મોતા (ધ્રુફી), માતુશ્રી ખેતબાઈ ભવાનજી મોતા (વારાપધ્ધર), માતુશ્રી ગંગાબાઈ ઝવેરચંદ લોડાયા (નલિયા), દિનેશ રામજી લોડાયા (સાંધવ), કલ્પનાબેન વિજય મોતા (જખૌ), શ્રી વિરચંદ નરશી લોડાયા (મુલુંડ), ગુલાબ ડુંગરશી ધરમશી (મુલુંડ), માતુશ્રી કુંવરબાઈ ધનજી મૈશેરી, જવેરચંદ ટોકરશી લોડાયા, માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા (દલતુંગી), પ્રવિણભાઈ મનસુખભાઈ વસા (મુલુંડ), જમકુબાઈ લાલજી પટેલ (સાંધવ), ખુશાલ તિલકચંદ નાગડા (નલિયા), લાલજી લખમશી દંડ (પરજાઉ), અભિનવ બેગ (નાગ્રેચા), મણિબાઈ કુંવરજી મોતા (સાંધવ), નવિન નારાણજી ધુલ્લા (બાયઠ), શ્રી ડુંગરશી મુલજી મોતા (અંધેરી), વિરચંદ મેઘજી ખોના (સાંધવ), ગુણવંતીબેન ભરત મોતા (જખૌ), માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ (સાંયરા), હરીશ ધનજી ડાઘા (વરાડીયા), નવકાર જૈન ઉપકરણ, દિપકભાઈ ઠક્કર (ભુજ), વિરાજ, ધ્રુવિલ ભુપેન્દ્ર લોડાયા (મોટીખાવડી), કાર્તિક સૌમેયા (મુલુંડ), દીલીપ શાહ (મુલુંડ), કાંતીલાલ ભવાનજી લોડાયા (સાંધવ), પ્રીતીબેન પ્રકાશ લોડાયા (સાંધવ), પ્રભાબેન નિતિન ધરમશી (સાંધાણ), કસ્તુરીબાઈ કેશવજી લોડાયા (આરીખાણા), ગીતાબેન કીરીટ લોડાયા (સાંયરા), ગીતાબેન વિનોદ ડાઘા (વરાડીયા), ભદ્રીચંદ મેઘજી લોડાયા (રવા), મહાવીર સ્ટીલ સેન્ટર (મુંબઈ), જીલ રાજેશ દંડ (સાંધવ), સેજલ મુકેશ (નગર સેવિકા લોનાવલા), મુરબાઈ મણસી દંડ, તિર્થ અનીલ દંડ (મુલુંડ), હરીશ કુંવરજી મૈશેરી, ચેતન લીલાધર ખોના (સુથરી), વિજય વિસનજી સોની (વાંકુ), માતુશ્રી કુંવરબાઈ પદમશી લોડાયા (અમરનાથ), મધુરીબેન મેઘજી છેડા (નલિયા), મંગલ જેઠાભાઈ લાલકા (વારાપધ્ધર), પ્રદીપસિંહ ગોહીલ (અમદાવાદ), વિજયાબાઈ નાનાલાલ દેસાઈ, વિનોદરાય રઘુનાથ વ્યાસ (વારાપધ્ધર), નિલેશ વિરચંદ મોતા (કોઠારા), હિંમતલાલ, શેઠ પંકજભાઈ (અમૃત ટાવર), તેજપાર લખમશી ધરમશી (લાલા), ખીમજી ચત્રભોજ લાલકા (વારાપધ્ધર), મંજુલાબેન રમેશ સોની (વાંકુ), માતુશ્રી લક્ષ્મીબાઈ શીવજી લોડાયા (કોઠારા), સાગર ધનજી ગોસર (બાયઠ), જયાબેન ગોવિંદજી નાગડા (જખૌ), મણીલાલ ભવાનજી મોતા (વારાપધ્ધર), વિજયાબેન કુલીનકાંત લોડાયા (રવા), લક્ષ્મીચંદ ઉમરશી મૈશેરી (જખૌ), મણીબેન મધુકાંત મોમાયા (વરાડીયા), નરશી ખેતશી લોડાયા (તેરા), નારાણજી શિવજી દંડ (તેરા), કાંતીલાલ હંસરાજ મોતા (રાપરગઢવાળી), આણંદજી હીરજી ખોના (સાંધવ), સોમચંદ વેલજી (નલિયા), રતનબાઈ કલ્યાણજી ગોસર (અંજાર), લક્ષ્મીબાઈ હંસરાજ લોડાયા (સાંધવ), ડૉ. કરસનદાસ ભાનુશાળી, ચંદુલાલ ભગત, ઠાકરશી રામજી ધરમશી (સુથરી), માનબાઈ જવેરચંદ લોડાયા (વારાપધ્ધર), જયાબાઈ હંસરાજ વિકમસી (વારાપધ્ધર), પ્રતાપસિંહ ભગવાનજી સોઢા (સાંધવ), હિંગોર મહમદ હુસેન (સાંધવ), ડીમ્પલ શાહ, રતનબેન ખુશાલ મોમાયા (સાંયરા), મુરબાઈ માણેકજી મોતા હ. પ્રેમિલાબેન (મોટી ધ્રુફી), શ્રી રૂષભ સ્ટીલ, ભાગ્યવંતીબેન મોમાયા (મોટી ધ્રુફી).

પ્રથમ દિવસે જાનૈયા-માનૈયા નું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ મહાપૂજન ભણાવવામાં આવેલ. વિધિવિધાન કેવલભાઈ સાવલા (મુંબઈ), સંગીતકાર કૌશિક બારોટ એન્ડ પાર્ટી (પાલીતાણા) એ બે દિવસ ભારે રમઝટ જમાવેલ. **પ.પૂ. મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં યોજાયું બપોરના ૨.૦૦ કલાકે સમુહમાં ધોતીયાની વિધી.** ધોતીયાની સામગ્રી ગ્રુપ તરફથી આપવામાં આવેલ. શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. ભાવના બાદ પાનેતર સોંપવાની વિધી તેમજ ખૌભાનું છાલ, સાચા હીરાના કાનફૂલ સોંપવાની વિધિ કરવામાં આવેલ. સાંજના ભલારા દાદાના પાઠ શ્રી કાંતિલાલ કલ્યાણજી નાગડા તેરાવાળાએ માંડેલ. ઘણીબાવાનું પાઠ સોમચંદ વિસનજી નાગડા (રાપરગઢવાળી) માંડેલ. રાત્રે સમુહ દાંડીયા રાસ ઉત્તમ છેડા ઍન્ડ પાર્ટી રમઝટ જમાવેલ. બીજા દિવસે સવારે કન્યાદાન એ મહાદાન, સ્વપ્ન સાકાર કરતું ભવ્ય પ્રદર્શન શ્રી કીર્તીભાઈ ધરમશી તથા જતીન વિરેન્દ્ર લોડાયાના વરદ હસ્તે ખુલ્લું મુકવામાં આવેલ. કન્યાઓને સોના, ચાંદી, સાચા હિરા-મોતી, કપડાં, ઘરવખરી સાથે ૨૮૫ આઈટમો વિવિધ કન્યાદાનના દાતાશ્રીઓ દ્વારા કન્યાદાનમાં મળેલ હતી. વર-રાજાઓને સુટ, દાંડીયા રાસ, પૂજનમાં મહાકાળી ભાવનામાં અલગ અલગ ડ્રેસ તેમજ કન્યાઓને પાનેતર, મોચીવર્કે, આરીવર્ક, પીઠાવર્ક ફેન્સી ચણીયાચોળી પણ દાતાશ્રીઓ તરફથી આપવામાં આવેલ. બેન્ડ પાર્ટી અને ઢોલ શરણાઈના સુરો વચ્ચે વર-રાજાઓનો ભવ્યાતિભવ્ય વરઘોડો વાજતે-ગાજતે નીકળ્યો હતો. **શ્રી શાંતિનાથ દાદા અને શ્રી વાછરાદાદા ને પગે લાગી પ.પૂ. કંચન સાગરજી મ.સા. ના વરદ હસ્તે વાક્ષેપ નાખવાંમા આવેલ** બાદ વરઘોડાની શરૂઆત થયેલ.

કન્યાઓને સમુહમાં પસ ભરવામાં આવેલ. જાનનો વરઘોડો લગ્નના માંડવા પહોચતા લગનીયા વધાવવામાં આવેલ. લગ્નના માંડવે જાનનું સ્વાગત કરવામાં આવેલ. વરરાજાઓ તોરણે પહોચતાં પોંખવાની વિધી કરવામાં આવેલ. ત્યારબાદ પોતપોતાની ચોરીમાં વર-કન્યા અને જાનૈયા-માનૈયાઓ ગોઠવાઈ ગયેલ. સર્વેજણ લગ્નની મજા માણેલ. પહેલા ફેરામાં ગ્રુપદ્વારા ચાંદીની ગાયનું દાન કરાવવામાં આવેલ. બે કન્યાઓનો ચોરીમાં ભાઈનો ફેરો, મામા-મામી, માતા-પિતાનો ફેરાની ફરજ બજાવેલ. આ ફરજ કાયમ નિભાવવાની રહેશે. લગ્નના ગીતોથી મંડપ ગાજી રહ્યો હતો. જાનૈયા-માનૈયા લગ્ન માણી રહ્યા હતા. પ.પૂ. તપસ્વીરત્ન

કંચન સાગરજી મ.સા. માંગલીક સંભળાવેલ. લગ્નની શરૂઆત થયેલ.

બપોરના સત્કાર અને અભિવાદન સમારોહનું અધ્યક્ષ પદ સમાજ શ્રેષ્ઠીવર્ય શ્રી તરૂણભાઈ રતનશી લોડાયાએ શોભાવ્યું હતું. મુખ્ય મહેમાન પદ અબડાસા વિસ્તારના ધારાસભ્ય શ્રી પધુમનસિંહ જાડેજાએ શોભાવ્યું હતું, જ્યારે અતિથિ વિશેષ પદ ખુશાલભાઈ ધનજી ધરમશી, જયેશભાઈ માણેકજી લોડાયા, કિર્તીભાઈ ધનજી ધરમશી, ચેતન મેઘજી મોતા, મહેશભાઈ લાલકા, સંજયભાઈ નાગડા, પ્રફુલભાઈ ચીમનલાલ મોતા, અનીલભાઈ દંડ, કેયુરભાઈ લોડાયા, વિરચંદભાઈ લોડાયા (ટાઈટન), કિરણભાઈ ધનજી ભેદા, લહેરચંદ આણંદજી ખોના, પ્રવિણભાઈ લોડાયાએ શોભાવ્યું હતું. પ્રારંભે આગેવાનોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. પ્રારંભે ગ્રુપના અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈન મહેમાનોને મીઠ્ઠો આવકાર આપ્યો હતો અને જણાવ્યુ કે દર વર્ષે ડિસેમ્બર માસમાં ગ્રુપ દ્વારા કચ્છમાં સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. દરેક કાર્યક્રમો સમુહલગ્ન સ્થળે યોજવામાં આવતા હોવાથી જે સારી રીત ફળિબધ્ધ થાય છે. મુખ્ય મહેમાન પદે પધારેલા શ્રી પધુમનસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે સમાજે સમય અને સંપત્તિઓ બચાવી છે. ગ્રુપદ્વારા માનવસેવા, પર્યાવરણ અને જીવદયાના સુંદર કાર્યો હાથ ધરાય છે જે અભિનંદનીય છે. ચેતનભાઈ મોતા ગ્રુપના કન્યાદાન માટે સહયોગ આપનાર દાતાશ્રીઓની ભાવનાઓને બિરદાવી કાર્યની પ્રશંસા કરી હતી. સમાજ શ્રેષ્ઠી શ્રી તરૂણભાઈ લોડાયાએ નવદંપતિઓને સુખી સમૃદ્ધ અને સ્નેહાળ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી સંસારમાં ક્યારે પણ વિઘ્ન ન આવે તેવા આશિર્વાદ આપ્યા હતા. સમાજનું કડી રૂપ કામ થઈ રહ્યું છે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે સમુહલગ્નનાં દરેક દાતાશ્રીઓ તથા કન્યાદાનના દાતાશ્રીઓનું અભિવાદન કરવામાં આવેલ.

મુંબઈ થી નયનભાઈ ભેદા, દિનેશભાઈ અજાણી, ઠાકરસીભાઈ ગડા, ચંદ્રકાંત પાસડ, ચંદ્રકાંત નાગડા, નિપેશ પટેલ, જયેશ લોડાયા, મિલન ધરમશી, તેજપાલ ધરમશી, કીરણ મણીલાલ દંડ, દિનેશ રામજી લોડાયા, સંજયભાઈ નાગડા, વિરચંદ નરશી લોડાયા, રાજેન્દ્રભાઈ ચુરલા, કિરણ ભેદા, અનિલભાઈ દંડ. અમદાવાદ થી મહેન્દ્રભાઈ લોડાયા, જતીન લોડાયા, ચંદ્રેશ લોડાયા. હુબલી થી શરદ મોમાયા. કચ્છ થી ઠાકરશી ડાઘા, રાજેન્દ્ર સાંયા, હરીશ વિકમશી, મિતેશભાઈ ધરમશી, કિશોરભાઈ સાંયા, હરીશ ચુરલા, પ્રદીપ ખોના, જયેશ કુલીન લોડાયા, સુર્યકાંત નાગડા, સંદીપ સાંયા. મુંબઈ દેશ-દેશાવર થી આમંત્રણને માન આપી સમુહ લગ્નમહોત્સવમાં પધાર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઉત્તમભાઈ છેડાએ, જ્યારે આભાર દર્શન પ્રબોધ મુનવરે કરેલ. વ્યવસ્થામાં વિપુલ પટેલ, કિરણ દંડ, સોમચંદ નાગડા, કુસુમ લાલકા, પ્રવિણ મોતા, વિરચંદ ખોના, ચેતન ખોના, દિપેશ મુનવર, વિરેન્દ્ર લોડાયા, નીતીન દરમશી, રાજેશ દંડ, મુકેશ દંડ, પારસ ધરમશી, હિતેશ પટેલ, મનોજ ગાલા, અભિષેક લોડાયા, હિરાચંદ કુરૂવા, વિપુલ લોડાયા, ભરત લોડાયા, કેતન દંડ, ઉમેશ ખોના, લક્ષ્મીચંદભાઈ દંડ, કિરીટ લોડાયા, જયેશ લાલકા, ખીમજીભાઈ મૈશેરી, જયેશ મૈશેરી, રાજેશ લોડાયા, દિનેશભાઈ મૈશેરી, ધનંજય મૈશેરી, હેમંત મોતા, તારાચંદ વિકમાણી, ભગુભા ગોહીલ, રતીલાલ ધ્રોળ, કૃણાલ ધરમશી, કેવલ લાલકા, ખુશાલ મૈશેરી, મહેશભાઈ મોતા, પરેશ ખોના, ભાવેશ મોતા, ગીરીશ દંડ, કિરણ ગાલા, વર્ધમાન લોડાયા, મધુકર લોડાયા, મહેશ ધરમશી, રાજેશ ગોરજી, રાહુલ મોતા ગ્રુપની સર્વે બહેનો સારી સંખ્યામા પધારીને વ્યવસ્થા સંભાળેલ. સર્વે જણ સમુહલગ્નને ચાર ચાંદ લગાવેલ.

પ્રબોધભાઈ મુનવર, અરવિંદભાઈ લોડાયા, વિપુલ લાલકા, ભદ્રીકભાઈ મૈશેરી સારી જયમત ઉઠાવેલ. સમુહલગ્નને ચાર ચાંદ લગાવેલ. મુંબઈ થી બ્યુટીશીયન કાજલ ખોના ઘાટકોપરથી કન્યાઓને તૈયાર કરવા માટે પધારી. આમંત્રણને માન આપી ગામોગામથી મહાજનો આમંત્રીત મહેમાનો પધારેલ. બેંગલોર, કલકતા, કોચીન, કલીકટ, કોઈમ્બતુર, ખામગામ, નાંદેડ, મલકાપુર, અહમદનગર, ધુલીયા, ચાલીસગામ, ઈન્દોર, જલગામ, ધાવણગીરી, હૈદરાબાદ, ગદ્દગ, હુબલી, નાસીક, પુના, લોનાવલા, ઉજ્જેન, વાપી, અમદાવાદ, ભોપાલ, વડોદરા, રાજકોટ, દલતુંગી, મોટીખાવડી, જામનગર, રાજસ્થાન કચ્છના દરેક ગામો થી આમંત્રણને માન આપી પધારેલ.

સમુહલગ્નોત્સવ દાતાશ્રીઓ કન્યાદાનના દાતાશ્રીઓ અતિથીઓ આમંત્રિતો જ્ઞાતિજનો લીલાશા કુટીયા (આદીપુર), કૌશીક બાટોટ એન્ડ પાર્ટી (પાલીતાણા), ઉત્તમ છેડા (આર્ટસ), અનંતનાથ મહાજન જૈન ટ્રસ્ટ, મુંબઈ, મેહુલ પ્રિન્ટર્સ, ડોંબિવલી, નિમેશ મોતા (મશીદબંદર), મણીકાંત ખીમજી ગાલા (મસ્જીદબંદર), શ્રી છેડા ડેકોરેટર્સ (રાયણ), મે. મહારાજ ટ્રાન્સપોર્ટ (મુંબઈ), દિપેશ મુનવર (ભુજ) (સવાણી ટ્રાન્સપોર્ટ) પોમલ સ્ટુડીયો-શ્રી અશોકભાઈ પોમલ, નારાયણ મહારાજ (રાજસ્થાન), શામળો ગઢવી, શ્રી સંદીપ લોડાયા (સ્ટીચ એલ. ટેલર, મુલુંડ), ગોર મહારજ, હિતેશભાઈ વ્યાસ (વારાપધ્ધર), શ્રી રાજેશ મોતા (મૈત્રી માર્કેટીંગ, કોઠારા), કાજલ જીતેન્દ્ર ખોના (બ્યુટીશીયન), પ્રકાશ સમીક્ષા - જ્ઞાતિ મૈયા (મુંબઈ), લગ્નદીપ સાડી સ્ટુડીયો, મે. મીનાક્ષી સાડી (મુલુંડ), મે. સેલિબ્રેશન (દાદર), ભદ્રીકભાઈ-માંડવી, સુર્યા ટ્રાન્સપોર્ટ.

સમુહલગ્નના દાતા પરિવાર કન્યાદાનના દાતા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના. જ્ઞાતિજનો તથા આમંત્રણને માન આપી પધારેલ મહેમાનોનો ખૂબ ખૂબ આભાર સમુહલગ્નમાં જોડનાર વરપક્ષ તથા કન્યાપક્ષના પરિવારોનું ખૂબ ખૂબ આભાર, આગામી સમુહલગ્ન તા. ૧૨, ૧૩ ડિસેમ્બર ૨૦૨૦માં કચ્છમાં યોજાશે.

**લી. પ્રબોધ મુનવર, ભુજ**

|| શ્રી શાંતિનાથાય નમઃ ||    || શ્રી ચંદ્રપ્રભસ્વામી નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ

### ગોએરસમા-બારોઈ ધ્વજા મહોત્સવ જાહેર આમંત્રણ

**બન્ને ગામવાસીઓ સહ પરિવાર તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ,**

તપચક્રવર્તી ત્રેપન સુદીર્ઘ વર્ષીતપ આરાધક અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.** તેમજ સર્વે આચાર્ય ભગવંતોના આશિર્વાદથી બન્ને ગામોના જિનાલયોમાં દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

### -: કાર્યક્રમ :-

વિ.સં. ૨૦૭૬ ફાગણ વદ ૧ ને **મંગળવાર તા. ૧૦-૩-૨૦૨૦ના અઢાર અભિષેક** વિ.સં. ૨૦૭૬ ફાગણ વદ ૨ને **બુધવાર તા. ૧૧-૦૩-૨૦૨૦ના બન્ને જિનાલયોની વર્ષગાંઠ** નિમિત્તે ધ્વજારોહણ યોજેલ છે.

આવા રૂડા અવસરની જાહેરાતને નિમંત્રણ સમજી આપ સૌ સહ પરિવાર પધારવા કૃપા કરશોજી. ભાગ્યશાળીઓએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**સંપર્ક :**

ધનપતી મોમાયા - 9423185716 • ભુપેન્દ્ર ડાઘા - 9819883522
વિજય ગોસર - 9826048413 • શ્રેણીક મોમાયા - 9323785320

**લિ. પ્રમુખશ્રી અશોક લાલજી પોલડીયા એવમ પદાધિકારીઓ કારોબારી સભ્યો, એવમ ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર.**

|| શ્રી મોમાઈ માતાજી નમઃ ||

## શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર - સાંયરા

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી **મુંબઈ મધે** શ્રી મોમાઈ માતાજીની **દસમી સમુહ પહેડી સંવત ૨૦૭૬ને વૈશાખ વદ ૩ને રવિવાર, તા. ૧૦-૦૫-૨૦૨૦**ના શુભ દિવસે લાભાર્થી દાતા **શ્રી વિશનજી દેવરાજ મોમાયા (પટેલ) પરિવાર** (સાંયરા-મુંબઈ) દ્વારા **નારાણજી શામજી વાડી, ૪૫૨, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.) મુંબઈ** સવારના ૯ કલાકથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

**આ શુભ પ્રસંગે સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા ભાવિકો સહપરિવાર તથા નિયાણી બહેનો/દીકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે.**

**(નોંધ : આ અવસરે કાળા વસ્ત્રો પહેરીને નહી આવવા કાળજી લેશોજી)**

**સંપર્ક :**

હીરાચંદભાઈ મોમાયા - 9370336826 | દિનેશભાઈ મોમાયા - 9820678051
ભદ્રેશભાઈ મોમાયા - 9833131359 | પ્રવિણભાઈ મોમાયા - 9425089966
શ્રેણીકભાઈ મોમાયા - 9323785320

**લિ. ભોઈમાં જયાબાઈ મોમાયા તથા મોમાઈ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442
CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com
ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

## વિયાં જો ખાસમખાસ

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લં | ગો | વ્યાં | ણ | પો | મો | કં | ઢી | ર્યો | ધ | સ |
| વ | ર | ઈ | યો | ખ | ઠ | લા | રો | વ | ર | સ |
| ના | ડી | ખી | મૈ | ણાં | ભ | તા | જ | ઝ | વા | પ |
| ડો | નિ | ર | સા | વ | રા | નોં | મા | ય | રો | ઢો |
| પે | યાં | આ | જા | પોં | ઈ | ચો | ઈ | ડ | ધુ | લ |
| ણી | પો | વ | ખે | ર | ખે | રી | પ | ભો | તી | રાં |
| વ્યા | અ | ઈ | ધો | ટ | ચો | ફે | ખોં | સો | યો | ધ |
| ડી | લા | ણુ | પ | ગે | પો | રા | ણી | ઘ | રો | ક |
| ક | ડા | ને | વ | ખે | ત | ર | પા | ર | પા | સ |
| ટુ | ડા | ય | ણાં | ર | હ | થુ | રો | વા | વિ | લી |
| મ | હેં | દી | જો | ન | લુ | ણ | ગ | રી | શા | યાં |

ઉપરના ચોકડમાં લગ્ન વિષેના ૪૯ કચ્છી શબ્દો આડી અવળી ઊભી સીધી અને ત્રાંસી લીટીમાં ડાબેથી જમણે અને જમણેથી ડાબે તથા ઉપરથી નીચે અને નીચેથી ઉપર તરફ છુપાયેલા છે તેને ગોતો.

**– જયકાંત મોતા,**
(ઘાટકોપર-તેરા)
મો.: 9819628382

---

## જિજ્ઞાસા પ્રકાશ

સુધર્માસ્વામી રચિત... ''મહાકલ્પ'' નામના ગ્રંથમાં... ''શત્રુંજયતીર્થ''નાં અષ્ટોત્તરશત (૧૦૮) નામ કહેલાં છે... તે આ પ્રમાણે...

૧) વિમળાચળ ૨) સૂરશૈલ ૩) સિદ્ધક્ષેત્ર ૪) મહાચળ ૫) શત્રુંજય ૬) પુંડરીક ૭) પુણ્યરાશિ ૮) શ્રીપદ ૯) સુભદ્ર ૧૦) પર્વતેંદ્ર ૧૧) દઢશક્તિ ૧૨) અકર્મક ૧૩) મહાપદ્મ ૧૪) પુષ્પદંત ૧૫) શાશ્વત ૧૬) સર્વકામદ ૧૭) મુક્તિગેહ ૧૮) મહાતીર્થ ૧૯) પૃથ્વીપીઠ ૨૦) પ્રભુપદ ૨૧) પાતાલમૂળ ૨૨) કૈલાસ ૨૩) ક્ષિતિમંડન ૨૪) રૈવતગિરિ ૨૫) મહાગિરિ ૨૬) શ્રીપદગિરિ ૨૭) ઈંદ્રપ્રકાશ ૨૮) મહાપર્વ ૨૯) મુક્તિનિલય ૩૦) મહાનંદ ૩૧) કર્મસુદન ૩૨) અકલંક ૩૩) સૌંદર્ય ૩૪) વિભાસન ૩૫) અમરકેતુ ૩૬) મહાકર્મસૂદન ૩૭) મહોદય ૩૮) રાજરાજેશ્વર ૩૯) ઢીંક ૪૦) માલવતોય ૪૧) સુરગિરિ ૪૨) આનંદમંદિર ૪૩) મહાયશ ૪૪) વિજયભદ્ર ૪૫) અનંતશક્તિ ૪૬) વિજયાનંદ ૪૭) મહાશૈલ ૪૮) ભદ્રંકર ૪૯) અજરામર ૫૦) મહાપીઠ ૫૧) સુદર્શન ૫૨) ચર્ચગિરિ ૫૩) તાલધ્વજ ૫૪) ક્ષેમંકર ૫૫) અનંતગુણાકર ૫૬) શિવંકર ૫૭) કેવળદાયક ૫૮) કર્મક્ષય ૫૯) જ્યોતિસ્વરૂપ ૬૦) હિમગિરિ ૬૧) નગાધિરાજ ૬૨) અચલ ૬૩) અભિનંદ ૬૪) સુવર્ણ ૬૫) પરમબ્રહ્મ ૬૬) મહેંદ્રધ્વજ ૬૭) વિશ્વાધીશ ૬૮) કદંબક ૬૯) મહીધર ૭૦) હસ્તગિરિ ૭૧) પ્રિયંકર ૭૨) દુ:ખહર ૭૩) જયાનંદ ૭૪) આનંદઘર ૭૫) યશોધર ૭૬) સહસ્રકમલ ૭૭) વિશ્વપ્રભાવક ૭૮) તમોકંદ ૭૯) વિશાલગિરિ ૮૦) હરિપ્રિય ૮૧) સુરકાંત ૮૨) પુણ્યકેશ ૮૩) વિજય ૮૪) ત્રિભુવનપતિ ૮૫) વૈજયંત ૮૬) જયંત ૮૭) સર્વાર્થસિદ્ધ ૮૮) ભવતારણ ૮૯) પ્રિયંકર ૯૦) પુરૂષોત્તમ ૯૧) કયૂંબ ૯૨) લોહિતાક્ષ ૯૩) મણિકાંત ૯૪) પ્રત્યક્ષ ૯૫) અસીવિહાર ૯૬) ગુણકંદ ૯૭) ગજચંદ્ર ૯૮) જગતરણી ૯૯) અનંતગુણાકર ૧૦૦) નગશ્રેષ્ઠ ૧૦૧) સહજાનંદ ૧૦૨) સુમતિ ૧૦૩) અભય ૧૦૪) ભવ્યગિરિ ૧૦૫) સિદ્ધશેખર ૧૦૬) અનંતરલેશ ૧૦૭) શ્રેષ્ઠગિરિ ૧૦૮) સિદ્ધાચલ.

સંકલન : **મહેશ કાંતીલાલ ભવાનજી મોતા,**
જલગામ - કુઆપધ્ધર મો. નં.: 94044 92830

# અનુભવનું અમૃત

આ નવી કૉલમમાં આપને થયેલા જીવનલક્ષી હકારાત્મક અનુભવના લખાણને સ્થાન આપવામાં આવશે. અન્યો માટે પ્રેરણાત્મક થતા પ્રોત્સાહક બાબતોને પ્રાધાન્ય આપનારા લેખો આવકાર્ય ગણાશે. આ વિભાગ માટે લખાણ મોકલવા સંપર્ક : **જીજ્ઞેશ ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા,** વારાપધર-ડોંબિવલી મો.: 98334 32251, avaniprintcare@gmail.com

### આત્મ સંતોષઃ

શનિવારનો દિવસ હતો. વયોવૃદ્ધ વડીલ સફારી શુટમાં હતા, શરીરની ચામડી લબડી પડેલ, શરીરના અંગે અંગમાં કરચલી અને નરમ ચામડી હતી. માથાના વાળ અને ભ્રમર સંપૂર્ણ સફેદ હતા. ખભે કેસરી ખેસ પહેરેલ હતો. લાકડીનો ટેકો નહોતા લેતાં. વયોવૃદ્ધની ઉંમર હતી ૯૩ વર્ષ !

હું જિનાલયે જવા નીકળ્યો અને મને વડીલના દર્શન થયાં. એમણે મારા ચરણ સ્પર્શ કર્યા, હું ભારી મુંઝવણમાં મૂકાઇ ગયો. મેં કહ્યું, વડીલ આવું ન કરાય મને દોષ લાગે! વડીલે મને પ્રત્યુત્તર આપ્યો દરેક વ્યક્તિ મહાન હોય છે, આપણે તેને સમજી નથી શકતા. આજે મને કંઇક નવું શીખવા મળ્યું.

મેં વડીલને પૂછ્યું આજે આપ મારી સાથે કેમ ચાલો છો? સહજતાથી મને પ્રત્યુત્તર આપ્યો, હું જિનાલયે જવા માટે તમારી રાહ જોતો હતો ! જેવા આપ નીકળ્યા એટલે હું આપની સાથે ભેગો થઇ ગયો.

વાર્તાલાપ આગળ વધ્યો, મેં પુછ્યું આપ જિનાલયે દર્શન કરવા? હા મેં સાંભળ્યું છે શનિવાર એટલે દાદા મુનિસુવ્રતસ્વામીનો દિવસ. હું વિચારમાં પડી ગયો આવું કોણે તેમને સમજાવ્યું? વડીલે કહ્યું મેં આજીવન ભાગવત ગીતા પાઠ સંપન્ન કર્યા. નવનાથ દેવના ૪૧માં અધ્યયને પહોંચ્યો છું. પરંતુ મને ક્યારેય આત્મ સંતોષ ન થયો ! જે મને જિનાલયે ગયા પછી પરમાત્માની પ્રતિમા જોઇ આત્મ સંતોષ થયો. કેવા આપના જિનાલય અને કેવી શાંત અને પ્રસન્ન પ્રતિમા. વ્યક્તિ જિનાલયે પ્રતિમાના દર્શન કરતાં જ તૃપ્ત થઇ જાય.

મારા મનમાં હજી શનિવારની જ વાત પુનરાવર્તન થયા કરતી હતી. મેં કહ્યું, ''વડીલ આપને કોઇકે ખોટી સલાહ આપી છે, દેવાધિદેવ શ્રી મુનિસુવ્રતસ્વામી માત્ર શનિવાર જ નહીં પરંતુ અઠવાડીયાના સાતેય દિવસ પ્રભાવશાળી હોય છે.'' આપ નિત્ય પધારી શકો છો. આપ જેમ જેમ જિનાલયે પધારશો તેમ આપનો આત્મ સંતોષ વધતો જ રહેશે. તેમના નામ સ્મરણથી સર્વે ગ્રહો પ્રસન્ન થાય છે, તો તેમના દર્શનથી!

વડીલને મને સાંભળવામાં વધુ રૂચી પડી. આપ હજી વધુ જણાવો. મેં કહ્યું વડીલ તેમના દર્શન માત્રથી ખરાબ કર્મનો ક્ષય થાય છે અને સુખ વર્તાય છે. સર્વે ગ્રહો જિનેશ્વર દેવની નીચે સ્થાન પામેલ છે. તેઓ દર્શને આવનારના ગ્રહો શાંત કરીને દર્શનાર્થીને તરત જ ફળ આપવાનું શરૂ કરે છે. આપ આ ફળ માત્ર શનિવારે કેમ લેશો? બાકીના દિવસે જરૂરત નથી?

વડીલના પ્રશ્નોના સમાધાન થયાં. હું રોજ દર્શને આવી શકું? મેં કહ્યું હા! જરૂર આ વીતરાગ દેવ આપને સમાધી મરણ પણ આપી શકે છે. વડીલે કહ્યું હવે મને આત્મ સંતોષ છે. આજીવન શાસ્ત્રો કંઠસ્થ કરવામાં સમય પસાર કર્યો જે આત્મ સંતોષ મને પરમાત્માના ક્ષણિક દર્શનથી પ્રાપ્ત થયા. હવે મારા શરીરથી પ્રાણ જાય તો પણ હું પ્રસન્ન જ રહીશ.

વડીલનું પ્રસન્ન સ્મિત વદનનું નિરીક્ષણ કરતાં હું જિનાલયે પહોંચ્યો. શનિવારનો દિવસે મને પણ આત્મ સંતોષ કરાવ્યો.

### અ.સૌ. સોનલ અજય પદમસી મોમાયા, હુબલી



Tie Hubli - 2020 નાં TIE EXCELLENCE AWARDS એ યોજેલ બેસ્ટ વુમન એન્ટરપ્રેનરશીપમાં ''પ્રગતિશીલ મહિલા ઉધમી'' તરીકેનો એવોર્ડ મેળવીને સૌ. સોનલે એમની યશકલગીમાં વધુ એક પીંછુ ઉમેરીને પરિવાર તેમજ શહેરની યશોગાથામાં વધારો કર્યો છે. છેલ્લા ૨૦ વર્ષોથી ''જયરાજ રૂફીંગ''ના નામે ઉત્તર કર્નાટકમાં એક આગવું નામ પ્રસ્થાપિત કર્યું છે. એકસો (૧૦૦) સ્કે. ફીટ થી માંડીને દોઢ લાખ સ્કે. ફીટ સુધીના ટેલર મેડ વેરહાઉસીંગનું કામકાજ ફેબ્રીકેશન, ફીટીંઝ અને પેઈન્ટીંગ સુધી સંપુર્ણ કામમાં ઘણીજ લોક ચાહના મેળવી છે. અત્રેના ૨૫૦ કિ.મી.ના એરીયામાં નાના મોટાં એવાં લગભગ ૫૦૦ જેટલાં કાર્ય સંપૂર્ણ જવાબદારીથી પરિપૂર્ણ કરેલ છે.

## કચ્છ-આ અબ છોડ ચલે




પ્રકાશ સમીક્ષાના તારીખ ૨૦મી ડિસેમ્બર ૨૦૧૯ અને ૨૦મી જાન્યુઆરી ૨૦૨૦ના જ્ઞાતિના વિદ્વાન, વિચારક અને વડીલશ્રી પ્રવીણભાઈ લોડાયાનો લેખ 'આ અબ લોટ ચલે' કોઈ પણ કચ્છ પ્રેમીને પસંદ આવે તે સ્વાભાવિક છે. એવું કહેવાય છે કે મનુષ્ય જયારે કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વિષયને અત્યંત પસંદ કરે છે ત્યારે તેની નબળી બાજુઓ એને નજર નથી આવતી અને કદાચ તેની તારીફ, વખાણ કે પ્રશંસા વાસ્તવિકતાથી અલગ હોય તેમ બની શકે છે. એટલે જ કહેવત છે કે પ્રેમ આંધળો છે. **મારૂં આ ચર્ચા પત્ર એમના લેખનો પ્રતિલેખ નથી પણ પ્રકાશ સમીક્ષાના ચર્ચાના ચોતરે વિભાગનું જે શીર્ષક ચિત્ર છે જેમાં અંગ્રેજી અંક ને આડો પડેલ છે જેને ડાબી બાજુ થી જોતાં ૬ વંચાય અને જમણી બાજુથી જોતાં ૯ વંચાય તે પ્રકારે અલગ મંતવ્ય છે. આ પ્રારંભિક પ્રસ્તાવના સાથે મારા વિચારો રજુ કરૂં છું.**

હાલમાં કચ્છમાં ખુબ જ ઠંડી પડે છે જેના માટે સોશીઅલ મીડિયામાં એક શેર કહી શકાય તેવી બે પંકતિઓ વાંચવામાં આવી જે આ પ્રમાણે છે.''**શિયારો નેપટ સુર હલેતો; લગે તો કચ્છ કાશ્મીર થીંધો, એંધાણ ડેશજેતાં એડાંજ; કાં કચ્છડેંકે કીંક પણ ડીંધો જ**'' આ શેરમાં કચ્છની હાલની અત્યંત ગર્ભિત અને સમજો તો ગંભીર પરિસ્થિતિને મોઘમમાં કહેલી છે. એ તો તો સર્વ વિદિત હકીકત છે કે છેલ્લા કેટલાક વર્ષોથી કચ્છમાં બહારથી અનેક લોકો આવીને વસેલ છે જેમાં વિધર્મીઓ પણ બહુજ મોટા પ્રમાણમાં છે. જયારે મૂળ કચ્છી અને સ્થાનિક લોકો દિવસે દિવસે લઘુમતીમાં આવી રહ્યા છે. એકાદ વર્ષ પહેલાં કચ્છના સ્થાનિક સમાચાર પત્રમાં પહેલા પાના પર એક સમાચાર હતા કે કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં થી દર વર્ષે લગભગ દરેક ગામમાંથી ૪-૫ પરિવારો ગામ છોડીને શહેરી વિસ્તારમાં રહેવા જતા રહે છે. જેના મુખ્ય કારણો છે, વૈદકીય સારવાર અને ભણતરની અપૂરતી સગવડો, ધંધા રોજગારની અછત, વારંવાર દુષ્કાળ જેવી સ્થિતિ. આ સ્થાને એ ઉલ્લેખ કરવું કદાચ યોગ્ય રહેશે કે ડિસેમ્બર ૨૦૧૮માં જયારે આપણી જ્ઞાતિનું સંમેલન કચ્છ નલિયા ખાતે કરવાનું નક્કી કરેલ ત્યારે અનેક જ્ઞાતિજનોએ પાણીના અભાવને કારણે આ સંમેલન કચ્છમાં ન કરવા માટે વિચારો રજુ કરેલ. છેલ્લા કેટલાક વર્ષોનો કચ્છનો ઇતિહાસ દર્શાવે છે કે કચ્છ હંમેશાં કોઈ ને કોઈ કુદરતી આફતથી ઘેરાયેલો રહે છે, જેમાં અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, ધરતી કંપ, મેલેરિયા અને ડેન્ગ્યુ જેવી સામુહિક બીમારીઓ અને ક્યારેક ક્યારેક તીડના હુમલા પણ નોંધાયા છે. **એટલે વૃદ્ધો જેમને વારંવાર વૈદકીય સહાય કે સારવારની જરૂર પડે છે તેમને માટે કચ્છના અંતરિયાળ ગામો કદાચ કાયમી વસવાટ માટે માફક ના આવે. માત્ર હવાફેર કરવા થોડા અઠવાડિયા રહેવું હોય તો ચાલે, તે પણ બહુ થોડા સમય માટે, જયારે હવામાન માફક હોય ત્યારે. ઉપરાંત કચ્છમાં શિયાળામાં તાપમાન એક અંકમાં હોય છે અને ઉનાળામાં ૪૫ ડિગ્રી સેન્ટીગ્રેડ સુધી જાય છે જે પણ એક પરિબળ એવું છે જેને નજર અંદાઝ ના કરી શકાય.**

આપણી જ્ઞાતિના એક આગળ પડતા અને જાગરૂક જ્ઞાતિજન જે સુથરીના છે, મારી સાથે ફોન પર સારી એવી વાર અને ઘણી વાર આપણી જ્ઞાતિને લગતા મારા લેખ પર ચર્ચા પણ કરતા. લગભગ ત્રણેક વર્ષ પહેલાં તેમણે મને કહેલ કે **તેમના સુથરી ગામમાં હાલ લગભગ ૨૦૦૦ માણસોની વસ્તી છે અને તેમાં વિધર્મીઓની સંખ્યા લગભગ ૧૮૦૦ની છે, બાકીના ૨૦૦ માં બધી અન્ય કોમના માણસો આવી જાય.** મારી સ્મૃતિના આધારે લખું છું કે ગાંધીધામ સ્થિત શ્રી પદમશીભાઈએ પોતાની સુથરીની સારી એવી જગ્યા કે જમીન જો કોઈ સજ્જન કે સંસ્થા વૃદ્ધાશ્રમ બનાવવા તૈયાર હોય તો નિઃશુલ્ક આપવાની તૈયારી બતાવેલ અને જ્ઞાતિ પ્રકાશનોમાં આ બાબત જાહેરાત પણ આપેલ. પણ તેમના આ પ્રસ્તાવને કોઈ ખાસ હકારાત્મક પ્રતિભાવ નહીં મળેલ. છેલ્લા કેટલાક સમયથી વિધર્મીઓ દ્વારા અન્ય કોમના લોકોની સ્થાવર સંપત્તિ હડપ કરવાના કે તેના પર કબ્જો કરી લેવાં બનાવો પણ નોંધાયા છે, જે બનાવોમાં અબડાસા તાલુકો આગળ છે. તે ઉપરાંત એકલ દોકલ રહેતા વૃદ્ધો એ અસામાજિક તત્વો માટે 'સોફ્ટ ટાર્ગેટ' હોય છે તેથી તેમની સલામતીનો પ્રશ્ન પણ અવગણી ના શકાય. એ રીતે જે ભાઈએ લખ્યું છે કે કચ્છ પણ કાશ્મીર થઇ રહયું છે, આ માત્ર આબોહવાનું વર્ણન નથી પણ વસ્તીનું જે રીતે વર્ગીકરણ કે વિસ્તરણ થઇ રહયું છે તે દર્શાવે છે.


## લગ્ન સંબંધી

જન્મ - Dec. 1987, ઉંચાઇ - 5'.6", MNC જોબ ધરાવતી કન્યા માટે ઇચ્છુક યુવકના વડીલો સંપર્ક કરે.

**Contact: 9820793652 • 8928849605**

હાલમાં ભુજમાં એન. આર. સી. અને કેબ વિરૂધ્ધ જે સભા અને સરઘસ યોજાયા હતા તેમાં જે પ્રમાણમાં વિધર્મીઓની સંખ્યા હતી તેના વિડિઓ સોસીઅલ મીડિયામાં વાઈરલ થયા હતા અને કેટલાક લોકોની ટિપ્પણી હતી કે આ ભુજ છે કે બલુચિસ્તાન. આ પરિસ્થિતિ દિવસે ને દિવસે વણસતી જાય છે, એટલે આપણને આપણી માતૃભૂમિ પ્રત્યે ભલે ગમે તેટલો પ્રેમભાવ હોય પણ વાસ્તવિકતાને નઝરઅંદાજ ના કરી શકાય. **જે પરિબળોના કારણે આપણા પૂર્વજોએ પંજાબ, રાજસ્થાન અને સિંધમાંથી સામુહિક સ્થળાંતર કરીને કચ્છમાં સ્થાયી થયા હતા, તેજ પરિબળો હવે કચ્છમાં આકાર લઈ રહ્યા છે. ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહયું છે. આપણા વડીલોએ તેમની બધી જ સ્થાવર સંપત્તિ છોડીને ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરવા સામુહિક સ્થળાંતર કરેલ. એટલે હવે કચ્છમાં વ્યક્તિગત કે સામુહિક રોકાણ કે અન્ય સામુદાયિક અને સખાવતના કાર્યો કરવા પહેલાં થોડો વિચાર કરવાની જરૂર છે.** કારણ કે હવે એ દિવસો નથી કે દાદાએ વાવેલ આંબાની કેરી એમના વશંજો ખાસે, હવે તો તમે વાવેલા વૃક્ષના ફળો તમારા પાડોશી ખાસે અને કદાચ તેને પચાવી પણ પાડશે. **કચ્છ એ આપણો ભૂતકાળ છે, દેશાવર  કે મુંબઈ એ ભવિષ્ય છે. એટલે કચ્છ માટે જો કોઈ પ્રકલ્પ કે યોજના સામુહિક રીતે કરવી હોય અને જે લાંબા ગાળા માટે હોય તો વિચાર વિમર્શ કરવું જરૂરી છે, ખાસ કરીને હવે પછીની પેઢી જેણે કચ્છ જોયું નથી કે જેને કચ્છમાં સ્થાયી થવાનો કોઈ ઉમળકો કે તૈયારી નથી તેમને ધ્યાનમાં લઈને આયોજન કરવાની આવશ્યકતા છે. આપણી આજની પેઢી ખાસ કરીને કન્યાઓ જયારે કલવા, મુમ્બ્રા કે ડોંબીવલી જવા તૈયાર નથી ત્યારે તેમની પાસેથી કોઠારા, મોથારા કે ડુમરા જાય તેવી અપેક્ષા રાખવી કદાચ વધારે પડતી લાગે છે. કેટલાક જ્ઞાતિજનોની કચ્છ જન્મભુમી હશે, અને આપણી સૌની માતૃભુમી છે અને રહેશે, તેમજ આપણા વડીલો એ સ્થાપેલ જિનાલયો, ઉપાસરા વગેરે ના કારણે ધર્મભૂમિ પણ રહેશે, પણ હવે તે આપણી કર્મભૂમિ નથી રહી, એવી ભૂમિ નથી રહી કે જેમાં આજની અને આવનારી પેઢીનો ઉછેર, વિકાસ કે સંવર્ધન થઈ શકે.**

– **પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ)**, કોઠારા–સુરત
મો. 9978903247

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

**વિયાં જો ખાસમખાસ ચૌકઠાના જવાબો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) લંગો | ૧૦) નિયાંપો | ૧૯) કંઠી | ૨૮) પડરો | ૩૭) ધુતીયો | ૪૬) અણુવર |
| ૨) વરઈ | ૧૧) ખીરઆવઈ | ૨૦) વર્યો | ૨૯) મહેંદી | ૩૮) ખોંભો | ૪૭) સામૈયો |
| ૩) ગોર | ૧૨) પેણીવ્યાં | ૨૧) ઘરવારો | ૩૦) મટુકડી | ૩૯) ચોરી | ૪૮) કસલી |
| ૪) વ્યાંઈ | ૧૩) પોંખે | ૨૨) સસ | ૩૧) ડાયજો | ૪૦) જમાઈ | ૪૯) વરોલા |
| ૫) વ્યાંણ | ૧૪) ખેરખેરી | ૨૩) પસ | ૩૨) નેણાંન | ૪૧) પોખણાં | |
| ૬) વનાડો | ૧૫) ચોરીફેરા | ૨૪) ઝરોલ | ૩૩) વિયાં | ૪૨) સોરો | |
| ૭) વડીરજા | ૧૬) પગેપોંરાણી | ૨૫) માયરો | ૩૪) લુણગરી | ૪૩) નોં | |
| ૮) મોઠભરાઈ | ૧૭) લાડી | ૨૬) ઢોલરાંધ | ૩૫) ઘરવારી | ૪૪) શા | |
| ૯) સાવરા | ૧૮) ઘોટ | ૨૭) માતા | ૩૬) ખેતરપાર | ૪૫) હથુરો | |

## અંગ્રેજી બોલતા શીખો।

સરળ ટ્રિક આપીને ખાતરીપૂર્વક તમને તમારા ઘરે અંગ્રેજી બોલતા કરવા એજ અમારૂં વિઝન છે, કોઈ વય મર્યાદા નથી.

**Trustful Course all over Mumbai / Thane**

**NEXT PEAK™**

**96193 91890**

**Hemang Gala (K.V.O.)**

## : લગ્ન સંબંધી :

જન્મ 1986, ઊંચાઈ-5.1, Complexion Wheatish, M.Pharma (Pharmacology), Ph.D. Clinical Research, Education at Mumbai Divorcee, Current Job Clinical Research Associate, Ministry of Science and Technology (Govt. of India) કન્યા માટે ઈચ્છુક યુવકના વડીલો સંપર્ક કરે, જ્ઞાતિબંધન નથી.

સંપર્ક : **094252 02203 / 087707 20153**

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગાંવ)

પૂ. સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી સ્થાપિત ટ્રસ્ટ અને પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજીના માર્ગદર્શન અને દાતાઓના સહકારથી પ્રવૃતિ કરી રહ્યું છે.

કાયમી તીથી : ૧) સ્વ. ગુણવંતીબાઈ વેલજી કાનજી દંડ, હુબલી હસ્તે સુનીતાબેન ગુલાબચંદ દંડ, ૨) સ્વ. ગુલાબચંદ વેલજી કાનજી દંડ, હુબલી હસ્તે સુનીતાબેન ગુલાબચંદ દંડ

શનિવાર નકરો: ૧) સ્વ. સોનબાઈ કલ્યાણજી ધરમસી અને સ્વ. કલ્યાણજી મણસી ધરમસી હસ્તે દિકરાઓ તથા દિકરીઓ, મુંબઈ, ૨) કુન્તીલાલ ભીકમચંદ નાહર હસ્તે શીલાબેન કુન્તીલાલ નાહર, પાચોરા, ૩) દત્તજયંતી, પાચોરા, ૪) સ્વ. ભારતીબેન પ્રવીણભાઈ કુરીયા, ગોરેગાંવ હસ્તે સૌ. રક્ષાબેન વિજયભાઈ નાગડા, દહીસર, ૫) ગુણવંતીબાઈ વેલજી કાનજી દંડ અને ગુલાબચંદ વેલજી કાનજી દંડ હસ્તે સુનીતાબેન ગુલાબચંદ દંડ, હુબલી.

## શ્રી ભુજપુર મહાકાલી મંદિરે ૪૪ સાલગીરી

શ્રી ભુજપુર સ્થાને મહાકાલી મંદિરે ૪૪મી સાલગીરી પૂજન ભાવિકો સ્થાનિકોની વિશાલ હાજરીમાં ઉજવાઈ. બુધવાર ૫-૨-૨૦૨૦ ના સવારે ૮ મૂર્તિઓના અભિષેક, બપોરના શ્રી ભગવતી દેવી મહાપૂજન, ગુરૂવાર ૬-૨-૨૦૨૦ સવાર નવગ્રહ - દશ દિકપાલ પૂજન, મંદિરના ઉપર ત્રણ શિખર ધ્વજા, મંદિરની અંદર ત્રણે દેરીઓની ધ્વજા, પ્રભાવના, શણગાર, ચુંદડી, બપોરના ઘંટાકર્ણ મહાવીર દેવ પૂજન - હવન આરતી થયેલ. આ ઉત્સવ સહયોગી અ. સૌ. રશ્મિબેન પ્રતાપ લોડાયા, અ. સૌ. જયાબેન હીરાચંદ શાહ, શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા, શ્રી શાન્તીલાલ કલ્યાણજી લોડાયા, શ્રી ખીરેન્દ્ર લખમીચંદ લોડાયા અને માતુશ્રી સારબાઈ હીરજી ખોના સૌને યતિશ્રીએ અનુમોદના આશિર્વાદ આપેલ. ટ્રસ્ટી હર્ષવર્ધને સન્માન કરેલ. આગામી ધ્વજા ૨૪-૨-૨૦૨૧નું અગ્રીમ આમંત્રણ ભાવિકોને અપાયેલ.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


## કોઠારા મધ્યે પ્રબોધ મુનવરનું વિશિષ્ટ સન્માન

શ્રી ગોકુલદાસ તેજપાલ મેમોરિયલ હાઈસ્કુલ - કોઠારા ખાતે વર્ષ ૧૯૭૦ થી ૧૯૭૪ ના બેચનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોનું એક સ્નેહ મિલન શેઠ શ્રી વલ્લભદાસ કરશનદાસ નાથા છાત્રાલય - કોઠારા મધ્યે યોજાયું હતું. ત્રિદિવસીય કાર્યક્રમ દરમ્યાન વિવિધ ક્ષેત્રે કોઠારાનું ગૌરવ વધારનારા પ્રભાતસિંહ જાડેજા - કોઠારા, દિનેશ એમ. શાહ - માંડવી, પ્રબોધ મુનવર - ભુજનું વિશિષ્ટ સન્માન કરી તેઓશ્રીની સેવાઓને બિરદાવવામાં આવેલ.

## કોઠારા જિનાલયની ૧૫૯ મી વર્ષગાંઠ ઉજવાઈ

અબડાસા મોટી પંચતીર્થીના કોઠારા જિનાલયની ૧૫૯મી વર્ષગાંઠ પૂ. સાધ્વી શ્રી મોક્ષયશાશ્રીજી મ.સા. આદિઠાણા-૬ની શુભ પાવન નિશ્રામાં ઉજવાઈ હતી. શાંતિનાથ પ્રભુજી જિનાલયની મુખ્ય ધ્વજારોહણના ચડવાનો લાભ શ્રી રાયચંદ ભોજરાજ ધરમશી પરિવારે તથા અન્ય ધ્વજાઓના ચડાવાનો લાભ વિવિધ દાતાશ્રીઓએ લીધેલ. સતરભેદી પૂજા દરમ્યાન જિનાલયના શ્વેત શિખરો પર ધ્વજારોહણ કરવામાં આવેલ. પ્રભુ ભક્તિના રંગે રંગાઈ ભાવિકો ભક્તિરાસ તથા ચામરનૃત્ય સાથે નાચી ઝુમી ઉઠ્યા હતા.

ગીત-સંગીતની રમઝટ અને ધ્વજાની શાસ્ત્રોક્ત વિધિ કમલેશ ગોસ્વામી એન્ડ પાર્ટીએ કરાવી હતી. આ પ્રસંગે કલ્પેશભાઈ મોતા, વિનોદ લાલકા, હરીશ નાગડા, હીરાલાલ જીવાણી, યશોમતીબેન મૈશેરી, ગુલાબ મણશી, અશોક મોમાયા, કિશોર ધરમશી, શાંતિલાલ ધરમશી, રમીલાબેન લોડાયા, જયાબેન મુનવર, જ્યોતિબેન લાલકા, સરલાબેન મોતા તથા શ્રાવકશ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બપોરે સ્વામિવાત્સલ્ય માતુશ્રી

હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ પરિવાર તરફથી યોજાયું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, આભાર દર્શન ધનપતિ લોડાયાને કરેલ. વ્યવસ્થામાં કાન્તીલાલ લાલકા, મુલચંદ મુનવર, નીલેશ મૈશેરી, દીનેશ મોતા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા, ચન્દ્રકાન્ત મુનવર, પ્રદીપ મુનવર, ભવ્ય શાહનંદે સહકાર આપ્યો હતો.

### શ્રી ક.દ.ઓ. મંડળ – ડોંબીવલી

શ્રી ક.દ.ઓ. મંડળ – ડોંબીવલી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. શ્રી મેઘકુમાર નરશી દૌલત પરિવાર, હસ્તે શ્રી તરૂણભાઇ,૨૦ સહયોગી દાતાશ્રીઓના ને સુપ્રીમ કપના સ્પોન્સર શ્રી કેતૂલ વીરચંદ પોલડિયા (બાયઠ)ના સહયોગથી તા. ૦૯-૦૨-૨૦૨૦ના ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. શ્રી મહાકાળી માતાજી ને તથા શ્રી નરશી નાથાના ફોટોને હારારોપણ, દીપ પ્રાગટ્ય કરીને ટૂર્નામેન્ટનો પ્રારંભ થયો.

રામાપીર, મહાવીર ઇલેવન, યુથ સ્ટ્રાઇકર્સ (ભાંડુપ), ડોમ્બિવલી સ્ટ્રાઇકર્સ, કાંજુરમાર્ગ નાઇટ રાઇડર્સ અને અંનતછાયા ઇલેવન (ઘાટકોપર) કુલ ૬ ટીમોએ ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કુલ ૧૩ મેચો રમાઇ હતી. દરેક મેચ ૪ ઓવરની રમાડવામા આવી હતી. આ ટુર્નામેન્ટમાં ઘાટકોપર, કાંજુરમાર્ગ, ભાંડુપ, મુલુંડ અને ડોમ્બિવલીના ક્રિકેટ રમતવીરોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

શ્રી રમેશ લોડાયા, શ્રી નીતિન સાયલા, શ્રી નરેન્દ્ર શિયાળ, શ્રી વીરેન્દ્ર લોડાયા, શ્રી રાયચંદ જીવાણી, શ્રી મુકેશ લોડાયા, શ્રી નવીન મૈશેરી, શ્રી વિજય સોની, શ્રી નલીયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ, શ્રી સ્વસ્તિક ગ્રુપ – ડોંબીવલી, શ્રી કે.ડી.ઓ. યંગસ્ટર્સ ગ્રુપ – ડોંબીવલી તેમજ શ્રી ડાયનામિક યુથ ફોરમ ડોંબીવલીના સભ્યો હતા.


Exclusive Embroidery & Upto date Finishing

Sachi Jari Mate Real Nam

ज्योति

SILK SAREE EMPORIUM

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976


બેસ્ટ ફીલ્ડર શ્રી સંકેત સતીશ લાલકા (વારાપધ્ધર)- યુથ સ્ટ્રાઇકર્સ, બેસ્ટ બોલર શ્રી મિહિર પ્રવીણ લાલકા (વારાપધ્ધર) – યુથ સ્ટ્રાઇકર્સ, બેસ્ટ બેટ્સમેન શ્રી ભુનેશ નીતિન લોડાયા – યુથ સ્ટ્રાઇકર્સ, બેસ્ટ પ્લેયર ઓફ ધી ટૂર્નામેન્ટ શ્રી રોમીલ કિરણ લોડાયા – અંનતછાયા ઇલેવન. યુથ સ્ટ્રાઇકર્સ રનર અપ અને અંનતછાયા ઇલેવન, ટ્રોફી વિજેતા થયા હતા. ઇનામ વિતરણનું સંચાલન શ્રી ક.દ.ઓ. મંડળ – ડોંબીવલીના માનદ મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર)એ કર્યું હતું. શ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા), શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર), શ્રી પ્રજ્ઞેશ હીરાચંદ નાગડા, (નલીયા)એ સુંદર ને સરસ રીતે મનોરંજન પૂરક કોમેન્ટરી આપી હતી. સ્કોરરની સેવા શ્રી ગીરીશ ભવાનજી મેઘાણી (રંગપુર) તેમજ શ્રી કાંતાપ્રસાદ શર્મા અને શ્રી સોનુ સિંહ મેચ અમ્પાયર તરીકે રહ્યા હતા. દાતાશ્રી ને સહયોગી દાતાશ્રીઓનું બહુમાન કરવામા આવેલ. રમતગમત સમિતિના ચેરમેન શ્રી નીલેશ શીવજી મૈશેરી (વારાપધ્ધર) તેમજ મંડળના સર્વે સભ્યોના સાથ સહકારથી એક દિવસીય ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન સરસ રીતે પાર પડ્યું હતુ.

### ક.દ.ઓ. યુવાનનું વિશેષ યોગદાન

પૂનામાં (માઉંટન બાઇકિંગ) સાયકલિંગ સ્પર્ધાનું આયોજન જાન્યુઆરીમાં ૧૧ અને ૧૨ તારીખના દિવસે થયેલ. પુનાના ટેમઘર ગામમાં ધરણના પહાડી પ્રદેશમાં નદિ કિનારે કરવામાં આવ્યું હતું. જેની વ્યવસ્થામાં ધુલિયાના યુવાન હિમાંશુ લતા જયંત દંડ (છાડુરા) યોગદાન આપ્યું હતું.

### વડોદરા ખાતે શ્રી સચ્ચામાની સમૂહ પહેડી

વડોદરામાં વસતા શ્રી સચ્ચા મા ના ભાવિકો દ્વારા ૨૭ મી પહેડી તા. ૯-૨-૨૦૨૦ ને રવિવારના યોજવામાં આવી. પહેડીના દાતાનો લાભ માતુશ્રી જયાબેન નેમચંદ ખીમજી ગડા પરિવાર લાયજા (વડોદરા) એ લીધો.

માતાજીની શોભાયાત્રા બાદ માતાજીની પધરામણી, ધૂન, જુવાર, શ્રીફળ, ગરબા – આરતી બાદ પહેડીમાં


અમારા સ્ટોલની ચોક્કસ મુલાકાત લો...

કચ્છ તથા કચ્છીઓ માટેનું દ્વિમાસિક સામાયિક

કચ્છ-અર્પણ

શનિ તા.૨૯.૨.૨૦
સાંજે : ૪ થી ૧૦
અનંતનાથ કોમ્પલેક્ષ, જ. નહેરૂ નગર, પોલીસ સ્ટેશન રોડ કાંજુરમાર્ગ - ઇસ્ટ

પધારેલ ૪૫૦ ભાવિકો નિયાણી બહેનો અને આમંત્રિત મહેમાનોએ મા ના પ્રસાદનો લાભ લીધો. તૃપ્તી શાહ એ માતાજીની ધુન – ગરબામાં રમઝટ જમાવી. પહેડીનું સંપૂર્ણ આયોજન અને સંચાલન કિશોર ધુલ્લા, ધનજી ગડા, ખુશાલ ગડા, હસમુખ ગડા, દિલીપ ગડા અને અનિલ ગડા એ કર્યુ.

**શ્રી ચંદ્રપ્રભસ્વામી શ્રી શ્વે. જૈન સંઘ નાંદેડ**

શ્રી નાંદેડ જૈન સંઘ દ્વારા ૧૬ જાન્યુઆરી ૨૦૨૦ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન શ્રી શત્રુંજય ગિરનાર તીર્થની યાત્રાનું આયોજન કરવામાં આવેલ. કુલ ૬૫ યાત્રાળુ જોડાયા હતા. શ્રી નેમનાથ પ્રભુના પક્ષાલનું અનોખું આયોજન થાય છે. તેનો લાભ લીધેલ. સેવા પૂજા કરી અને રાત્રિ રોકાણ ગિરનાર તળેટીએ કર્યું. પ્રભાસ પાટણ, સોમનાથ મહાદેવ મંદિર, વણથલી, ડોડિયા, રાજગૃહિ, મણિલક્ષ્મી યાત્રા કરી.

યાત્રાના આયોજન માટે શ્રી ચંદ્રપ્રભુ જૈન યાત્રિક સંઘના પ્રમુખ શ્રી અશ્વીનભાઇ શહા, માનદ મંત્રી સૌ. હિનાબેન ગાલા, ખજાનચી શ્રી. મુકેશભાઇ શહાએ કાર્ય કરેલ.

**ભાવનગર કચ્છી સમાજ**

ભાવનગર કચ્છી સમાજ દ્વારા તા. ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ શ્રી એંકરવાલા સંકૂલ અને શ્રી જગશી જેઠાલાલ કચ્છી લાયજાવાળા સભાગૃહમાં ૨૨મું કચ્છી કલાપ્રદર્શન યોજાયું. આ પ્રદર્શનમાં અંદાજે ૭૫૦૦૦ થી વધુ વધુ લોકોએ મુલાકાત લીધી અને રૂા. ૩૦,૦૦,૦૦૦/- (ત્રીસ લાખ)ની કચ્છી હસ્તકલાની વિવિધ ચીજ વસ્તુઓનું માતબર વેચાણ થયું હતું. પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇએ તમામ નો આભાર વ્યક્ત કર્યો હતો.

**ઘર બેઠા પરીક્ષા – OPEN BOOK EXAM**

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસી તપ પ્રસંગે પ્રકાશિત ''અચલગચ્છ શંખનાદ'' પુસ્તક આધારિત OPEN BOOK EXAM નું આયોજન કરવામાં આવ્યું છે. વહેલા તે પહેલાના ધોરણે નીચેના સરનામે થી પુસ્તક – પ્રશ્નપત્ર – ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતી છે. રૂા. ૧૦૦ ભરીને પોતાનું નામ લખાવી આજે જ પુસ્તક મેળવી લો.

પુસ્તક મેળવવાનું સરનામું

**૧) સુશ્રાવિકા લતાબેન એલ. વીકમશી**

૨/૩૯, અનંત નિવાસ, ભાત બઝાર, ૨૬૨/૧૦ નરશી નાથા સ્ટ્રીટ, મસ્જીદબંદર, મુંબઇ–૪૦૦ ૦૦૯.

મો.: ૯૩૨૩૯૪૪૧૧૭

**૨) અ.સૌ. મનીષાબેન એચ. ખોના**

૧૦૬, અનંતછાયા, ૬૦ ફીટ રોડ, આર.બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ–૪૦૦ ૦૭૭.

મો.: ૯૬૬૪૭૯૮૩૯૮

**ગીટારિસ્ટ યશ ગીરીશ લાલકા**

તા. ૨૪–૦૧–૨૦૨૦ના પ્રખ્યાત સંગીતકાર પ્રીતમે હોટેલ ટ્યુલિપ સ્ટારમાં ''ધ ફારગોટન આર્મી'' ના ભારતીયઓને સમર્પિત ગીત ''તેરી માટી સે મૈ હું બના, તેરી માટીમાં મેં મૈં સિમટ ગયા'' ની પ્રસ્તુતિમાં વારાપધ્ધર ગામના હાલે મુલુંડના યશ ગિરિશ લાલકાએ ગિટારિસ્ટ તરીકે પ્રથમ હરોળમાં બેસી સંગીતમાં સાથ આપ્યો હતો. ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડે એ ૧૦૪ સાજીંદાઓવાળા આ સંગીત આયોજનની નોંધ લીધી હતી.

**અજીતનાથજી જિનાલય માંડવીની ૧૩૯મી વર્ષગાંઠ**

શ્રી અજીતનાથજી પ્રભુજી જૈન જિનાલયની ૧૩૯ મી વર્ષગાંઠ ઉજવણી પ.પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. તથા પૂ.સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણા–૪ ની પાવનકારી શુભ પાવન નિશ્રામાં કરવામાં આવેલ. સત્તરભેદી પૂજા બાદ જિનાલયના શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ.

પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, આભાર દર્શન ભદ્રીકભાઈ મૈશેરીએ કરેલ. વ્યવસ્થામાં તિલક ડાઘા, કૃણાલ ડાઘા, વિનય મૈશેરી હીરેન ધરમશી તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.


**Physical Share Certificate**

• Name Change Process • Lost of Share Cetificate
• Bonus Certificate Not Received
• Dividend Not Received • IEPF Claim

Charvi Shah : 9833385332
Neha Shah : 9820473318 Ghatkopar (E).

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઇસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## બડગરા - કલીકટ યુથ ફોરમ

બડગરા - કલીકટ યુથ ફોરમ ના સભ્યોએ ૦૯-૦૨-૨૦૨૦ના Free Birds Orphanage ની મુલાકાત લીધી. ત્યાંના ૩૮ બાળકો સાથે હરી ફરી રમતો રમાડી, મનોરંજન કાર્યક્રમ કર્યા. એમને ઇનામો આપ્યા.

## શ્રી ક.દ.ઓ. યુવા મંચ વડોદરા

ક.દ.ઓ. સમાજ દ્વારા શ્રી ક.દ.ઓ. યુવા મંચે વડોદરા ખાતે તા. ૨૨-૦૨ અને ૨૩-૦૨-૨૦૨૦ ના બે દિવસીય નેશનલ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરેલ છે.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.** સોમવાર બંધ


## મોતિયાના ઑપરેશન વિનામુલ્યે

રીલાયન્સ ફાઉન્ડેશન સંચાલિત હરકીશનદાસ હૉસ્પિટલ, પ્રાર્થના સમાજમાં મહિલાઓના (૬૦ વર્ષની ઉપરના) વિનામુલ્યે મોતિયાના (કેટરેકેટના) ઑપરેશન માટે સંપર્ક : માનવજ્યોત ડૉ. ખોના / કે. સી. લુઠીયા - 98200 39469. ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી સ્કીમ ચાલુ છે.

## વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ મોટી સિંધોડી : દાતાઓ તથા લાભાર્થીઓની નામાવલી

**વાર્ષિક સર્વસાધારણ નકરાના દાતાશ્રી પરિવારો : જાન્યુઆરી :** માતુશ્રી રમાબાઈ લાલજી શાહ હસ્તે અપૂર્વ લાલજી શાહ, માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી શીવશી મૈશેરી પરિવાર, **ફેબ્રુઆરી :** કુ. પલક હેમાંગ ભરત લોડાયા, માતુશ્રી રતનબાઇ ભવાનજી વિશનજી લોડાયા, **માર્ચ :** ચિ. શિવાન ગૌરવ નવીન કેશવજી મોતા, અ.સૌ. સ્વ. જયવંતીબેન ચિમનલાલ લધુભાઇ લોડાયા **એપ્રિલ :** અ.સૌ. તરલાબેન જયંતભાઈ ગોવિંદજી મોમાયા, શ્રી ઉત્તમભાઇ રાઘવજી મૈશેરી, શ્રી રાયશી નરપાર મૈશેરી, **મે :** ચિ. પાર્થ અમી દિપક મૈશેરી, માતુશ્રી દમયંતીબેન ધનપતી નરશી મૈશેરી, માતુશ્રી કસ્તુરીબેન માડણભાઇ મૈશેરી પરિવાર હસ્તે અ.સૌ.ભારતી ભરત મૈશેરી, **જુન :** માતુશ્રી લક્ષ્મીબેન દામજી મૈશેરી, કુમારી ભાવના પ્રવિણચંદ્ર મોમાયા, **જુલાઈ :** અ.સૌ. પ્રભાવંતીબેન પ્રેમચંદ લધુભાઇ લોડાયા **ઑગસ્ટ :** માતુશ્રી જમકુબેન વેલજી મૈશેરી હસ્તે હીરાચંદભાઇ મૈશેરી (ખામગાવ), માતુશ્રી ધનબાઈ પ્રેમજી નરપાર લોડાયા **સપ્ટેંબર :** માતુશ્રી સોનબાઇ લક્ષ્મીચંદ મોમાયા, માતુશ્રી મુરબાઇ કેશવજી મોતા હસ્તે કુ. ફિયોની અંજુલ કિશોર મોતા, શ્રી નારાણજી નરશી મૈશેરી, **ઑક્ટોબર :** માતુશ્રી જયવંતીબેન ગોવિંદજી મોમાયા, માતુશ્રી ચંપાબાઇ કિશોરભાઇ મૈશેરી, **નવેંબર :** માતુશ્રી પુરબાઈ ઉમરશી ટોકરશી મૈશેરી, શ્રી લાલજી નરપાર લોડાયા હસ્તે એકતા ઉદયન લોડાયા, **ડિસેંબર :** અ.સૌ. સ્વ. યશવંતીબેન મુલચંદ ઉમરશી મૈશેરી, માતુશ્રી પુષ્પાબેન રતિલાલ મોમાયા,

**શૈક્ષણિક ઇનામ :** માતુશ્રી રતનબાઇ ભવાનજી લોડાયા પરિવાર, **તપસ્વી બહુમાન :** માતુશ્રી લક્ષ્મીબેન નરશી દામજી મૈશેરી, **સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવારો :** શેઠશ્રી ઉત્તમચંદ રાઘવજી દેવજી મૈશેરી હસ્તે ભાવેશભાઇ, માતુશ્રી કુંવરબાઇ રતનશી આણંદજી મૈશેરી, માતુશ્રી મધુરીબેન ધનજી વિશનજી લોડાયા હસ્તે નિતીનભાઇ અને પંકજભાઇ, માતુશ્રી કસ્તુરીબેન વેલજી શીવશી મૈશેરી, અ.સૌ. સ્વ. દમયંતીબેન ધનપતી મૈશેરી, શ્રી રાયશી નરપાર મૈશેરી, અ.સૌ. સ્વ. જયવંતીબેન ચિમનલાલ લોડાયા, માતુશ્રી ચંપાબાઇ લાલજી મૈશેરી, માતુશ્રી ધનબાઇ પ્રેમજી લોડાયા, શ્રીમતી તેજલબેન રાજેશ લોડાયા, શ્રીમતી કાજલબેન તિલક લોડાયા, માતુશ્રી જયવંતીબેન ગોવિંદજી મોમાયા, અ.સૌ. સ્વ. વંદનાબેન મુરજી મૈશેરી, કુ. એકતા ઉદયન લોડાયા, એક સદ્‌ગૃહસ્થ પરિવાર, શ્રીમતી મધુરીબેન કાંતીલાલ કેશવજી મોતા, માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી રતનશી મૈશેરી, માતુશ્રી મંજુલાબેન ત્રિકમજી મૈશેરી, શ્રી પ્રેમચંદ લધુભાઇ લોડાયા, શ્રીમતી નિરૂપમાબેન નવીનભાઇ કેશવજી મોતા, અ.સૌ. મધુબેન પુનમચંદ વેલજી મૈશેરી, માતુશ્રી કસ્તુરીબેન પ્રવીણચંદ્ર મૈશેરી, અ.સૌ. તરલાબેન હેમેન્દ્ર મૈશેરી, શ્રી ધનજી વિશનજી લોડાયા પરિવાર હ. પ્રવીણ ધનજી લોડાયા, શ્રીમતી દમયંતીબેન માણેકજી મૈશેરી, શ્રી મણીલાલ કેશવજી મોતા

નોંધ : આ વર્ષે સાધારણ ખાતાને મજબુત કરવા ધજાના ચડાવામાં મણ દીઠ રૂા. ૧.૫૦ સાધારણ ખાતે લેવામાં આવેલ છે. ત્રણ વરસ અને પાંચ વરસ માટે રૂા. ૫, રૂા. ૧૦, રૂા. ૨૦, રૂા. ૩૦ ની સાધારણની સ્કીમ પણ ચાલુ કરવામાં આવેલ છે. ઉપરોક્ત માહિતી કે નામાવલી માં શરત ચુક હોઇ ગઇ હોય તો ક્ષમાયાચના. ધ્યાન ખેંચવા કૃપા કરશો.

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૧-૨૦ | મુલુંડ | મણીબાઈ દામજી કેશવજી ભારમલ ગોશર (ભુલ સુધાર) | ગોએરસમા | ૮૬ |
| ૦૮-૦૨-૨૦ | ડોમ્બીવલી | સોનબાઈ હેમરાજ નાગશી મોમાયા | વરાડીયા | ૭૮ |
| ૦૮-૦૨-૨૦ | અમદાવાદ | દેવેન્દ્ર કુંવરજી રામજી મોમાયા (પટેલ) | વરાડીયા | ૬૫ |
| ૦૯-૦૨-૨૦ | ડોમ્બીવલી | હિંમત જેઠાલાલ શીવજી લાપસીયા | રંગપુર | ૫૦ |
| ૧૦-૦૨-૨૦ | જામનગર | કાન્તીલાલ લાલજી લાલકા | રંગપુર | ૭૪ |
| ૧૨-૦૨-૨૦ | માટુંગા | ચંદ્રકાંત જીવરાજ લખમશી નાગડા | નલિયા | ૮૧ |
| ૧૫-૦૨-૨૦ | ઘાટકોપર | દેવચંદ હિરજી ખેરાજ લોડાયા | ગોરખડી | ૮૩ |
| ૧૫-૦૨-૨૦ | મુલુંડ/બેંગલોર | પ્રફુલ જયંતીલાલ હંસરાજ ખોના | મોટીખાવડી | ૬૧ |
| ૧૬-૦૨-૨૦ | અમલનેર | રશ્મિબેન તિલકચંદ પદમસી લોડાયા | નબીયા | ૬૮ |
| ૧૬-૦૨-૨૦ | ડોંબિવલી | દિનેશ ઠાકરશી કુંવરજી મુનવર (જીવાણી) | જખૌ | ૫૮ |
| ૧૬-૦૨-૨૦ | ડોંબિવલી | મણીબાઈ કલ્યાણજી વિસનજી લોડાયા | અરીખાણા | ૬૬ |
| ૧૭-૦૨-૨૦ | જલગામ | લીલબાઈ લક્ષ્મીકાંત ભવાનજી લાપસીયા | સુથરી | ૮૪ |
| ૧૮-૦૨-૨૦ | મુલુંડ | જતીન જેઠાલાલ ગોવીંદજી નાગશી સંઘવી | સાંધાણ | ૩૪ |
| ૧૯-૦૨-૨૦ | અહમદનગર | રતનબેન હિરાલાલ કુરૂવા | ગોધરા | ૭૪ |
| ૧૯-૦૨-૨૦ | માંટુગા | નીરજ શાંતીલાલ જીવરાજ નાગડા | નલિયા | ૪૦ |
| ૧૯-૦૨-૨૦ | આંતરજાળ | રાજેશ જવેરચંદ દેવશી છેડા | સુજાપૂર | ૫૩ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**જીતેન્દ્ર હિરાચંદ વીરજી મૈશેરી**
(PS 1021) **ગામ** - લાલા
A/2 મેઘછાયા, હઝરત દસ્તાગીર દરગાની સામે, લેમ રોડ, દેવલાલી MH 422401. Chandanbai : M. 9757497019
Jeetu : M. 9137351001, Heena : M. 9969843255

**જીતેન્દ્ર રતિલાલ આણંદજી નાગડા**
(PS 785) ગામ - બાયઠ
603 / 604, શ્રીમદ દર્શન, પ્લોટ 92, ઑફ શ્રીમદ રાજચંદ્ર લેન, લાયન્સ ગાર્ડન પાસે, ઘાટકોપર (ઈ), મુંબઈ 400077.
Mo. 09324341878

**મુકેશ ભવાનજી વિશનજી લોડાયા (શાહ)**
(PS 3132) **ગામ - મોટી સિંધોડી**
203 ત્ર્યંબક પેલેસ, ગોગ્રસ વાડી, પાથરલી રોડ, માણેક દેસાઈ ચોક, શ્રીમંગલ કાર્યાલયની સામે, ડોંબિવલી (ઈ) 421 201
Mo 09821154326

**અંકિત જતીન મણીલાલ દંડ**
(PS 213) **ગામ - સાંધવ**
રૂમ નં. ૨૮, ૧લે માળે, A-1, શ્રીપુનિત નગર, સાઈબાબા નગર, બોરીવલી (વે), મુંબઈ - 400 092.
Ankit : M. 09819197235, Hansa : M. 09920358777

**જવાહરલાલ દેવજી દામજી કુરૂવા**
(PS 2406) **ગામ - ગોધરા**
B-402, કાનકીયા લેવલ્સ, રાનીસતી રોડ, પાસપોર્ટ ઓફીસ સામે મલાડ (ઈ), મુંબઈ - 400 097. Mo 09967246283

**દિપક મણીલાલ વિશનજી દંડ**
(PS 7389) **ગામ - સાંધવ**
20 અરૂણ બિલ્ડીંગ, ગ્રાઈન્ડ ફ્લોર, સાયન કો.હા.સો. લી. સાયન રોડ નં. 31, એસ.આર. મહેતા હોસ્પીટલની બાજુમા, મુંબઈ 400 022.
Deepak : Mo . 09833974404, Veena : M. 07738993665

**ગુલાબચંદ હીરજી નરપાર છેડા**
(PS 5166) **ગામ - જસાપર**
એફ-૨૦૧, સેફાયર-૮, પ્રમુખ અરણ્યની સામે, કેપીટલ સ્ક્વેર ઑનની પાછળ, ન્યુ દિન્ડોલી રોડ, ગોડાદરા, સુરત-૩૯૫ ૦૧૦.
મો.: 099985 56567

**ભુલ સુધાર : તા. ૦૫-૦૨-૨૦૨૦, અંક ૧૩ માં (PS 5166) ગુલાબચંદ હિરજી કાનજી છેડા (ગામ - નલિયા) ખોટું છપાયેલ છે. તેને બદલે ઉપર મુજબ સુધારીને ગુલાબચંદ હીરજી નરપાર છેડા (ગામ - જસાપર) વાંચવું.**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૯-૧૮ | જામનગર | માહી, માનસી સાગર જગદીશ જેઠાલાલ ધુલ્લા | ભરૂડીયા | પુત્રી |
| ૩૦-૦૮-૧૯ | ધુલિયા | મિન્નતી, જલ્પા ધીરજ સુરાણા | રાજસ્થાન | પુત્રી |
| ૨૩-૧૨-૧૯ | ધુલિયા | તનિષ્કા, પ્રેરણા વરૂણ ધરમશી ભાટે | સુથરી | પુત્રી |
| ૦૪-૦૧-૨૦ | સાયન | અન્વીકા, તન્વી ફ્રેનિલ મુકેશ ગોવિંદજી લોડાયા | કોઠારા | પુત્રી |
| ૧૯-૦૧-૨૦ | ડોમ્બીવલી | રિયાન, કૃતિકા મૌલિક નવીનચંદ લક્ષ્મીચંદ લોડાયા | આરીખાણા | પુત્ર |
| ૨૫-૦૧-૨૦ | હૈદરાબાદ | ખુશી, પ્રિયંકા મનોજ શીવ પ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | પુત્રી |
| ૦૨-૦૨-૨૦ | અમદાવાદ | અયાંશ મનીષા વિનોદકુમાર હિરાચંદ દંડ | લાલ | પુત્ર |
| ૦૫-૦૨-૨૦ | સુરત | વૃતિકા, હિરલ પિંકલ અશ્વિન સાયલા | મંજલ | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૨-૨૦ | ડોમ્બીવલી | સચિન રમેશ હંસરાજ નાગડા | રંગપુર | ૨૭ |
| | ડોમ્બીવલી | જીનલ અશોક લાલજી લોડાયા | દલતુંગી | ૨૫ |
| ૧૮-૦૨-૨૦ | મુલુંડ | ચારુદત કિશોર શિવજી મોતા | લાલ | ૨૭ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૨-૨૦ | યુ.એસ.એ. | વત્સલકુમાર રમેશચંદ્ર કેશુભાઈ રાણા | બીલીમોરા | ૨૬ |
| | ડોમ્બીવલી | નેહલ ગુલાબચંદ લખમશી લાપસીયા | દલતુંગી | ૨૮ |
| ૦૯-૦૨-૨૦ | વડોદરા | નયન કમલેશ આનંદજી દંડ | સાંધવ | ૩૫ |
| | ડોમ્બીવલી | લક્ષ્મી સુરેશભાઈ કુસારકર | સોનાઈ | ૩૪ |
| ૧૦-૦૨-૨૦ | થાણા | ધર્મેશ શરદભાઈ છોટાલાલ શેઠ | ઉપલેટા | ૩૭ |
| | વડોદરા | ડીમ્પલ ભરત તારાચંદ ધરમશી | સુથરી | ૩૫ |
| ૧૬-૦૨-૨૦ | અંધેરી | ગીત લાવેશ જયંતીલાલ વાણી | ઈન્દોર | ૨૯ |
| | ભાંડુપ | હિતીક્ષા હરીશ નવીનચંદ્ર નાગડા (શાહ) | રંગપૂર | ૨૮ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૧૨-૧૯ | ડોમ્બીવલી | હાર્દિક અનિલકુમાર કુંવરજી ધુલ્લા | દલતુંગી | - |
| | ડોમ્બીવલી | હેમાંશી કિરીટ ધનજી દંડ | ભરૂડીયા | - |
| ૦૯-૦૨-૨૦ | ઘાટકોપર | આકાશ ગિરીશ વાલજી ખોના | સાંધવ | ૩૨ |
| | ચેમ્બુર | જ્યોતિકા શક્તિ કપૂર | નવી દિલ્હી | ૩૨ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૨૦ | બોરીવલી | આકાશ જયેશ ચીતલીયા | મહુવા | ૨૮ |
| | મુલુંડ | રિધ્ધી પદમશી દંડ | સાંધવ | ૨૭ |
| ૨૦-૦૧-૨૦ | હુબલી | સચિન ચિદાનંદ સીગલી (ભુલ સુધાર) | બેલગામ | ૨૪ |
| | હુબલી | નિધી બંકિમચંદ દેવશી નેણસી મોમાયા | ડૂમરા | ૨૪ |
| ૦૧-૦૨-૨૦ | નાલાસોપારા | કેયૂર જગદીશ ગાલા | દેવપર | ૩૦ |
| | વડોદરા | હની પ્રિતમ લાલકા | લાલા | ૨૮ |
| ૦૯-૦૨-૨૦ | ઘાટકોપર | અંકિત ચેતન દામજી નાગડા | રંગપૂર | - |
| | ચેમ્બૂર | આયેશા રાજીવ જગદીશપ્રસાદ ખન્ના | દિલી | - |

### છૂટા છેડા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૧૦-૧૯ | ડોમ્બીવલી | દીપ રાજેન્દ્ર લોડાયા (શાહ) | મોટી ખાવડી | ૨૯ |
| | ડોમ્બીવલી | અક્ષિતા મહેન્દ્ર દંડ (શાહ) | સાંધવ | ૨૬ |
| ૨૬-૧૧-૧૯ | ડોમ્બીવલી | અજીત દિલીપ પદમશી ધરમશી | જખૌ | ૩૭ |
| | ડોમ્બીવલી | કિરણ હીરાચંદ ખેતશી મોતા | કુઆપધર | ૩૧ |
| ૦૨-૧૨-૧૯ | થાણા | જીનેન ગિરીશ વર્ધમાન ધરમશી | નલિયા | ૩૦ |
| | નાગપુર | જાન્હવી મુકેશ માણેકજી મૈશેરી | જખૌ | ૩૦ |
| | મુલુંડ | ફોરમ ઉદય ભોજરાજ નાગડા | રાપર ગઢવારી | ૨૨ |
| ૧૪-૦૧-૨૦ | ઘાટકોપર | હેમંત રાજેન્દ્ર રતીલાલ મોતા | ધ્રુફી | ૩૯ |
| | મુલુંડ | દર્શિતા પદમશી શામજી લાલકા | વાંકુ | ૩૫ |

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી

# સ્નેહસભર શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૧૪-૦૬-૧૯૫૪

અરિહંત શરણ :
તા. ૦૮-૦૨-૨૦૨૦

## સ્વ. શ્રી દેવેન્દ્ર કુંવરજી રામૈયા મોમાયા (પટેલ), વરાડીયા

**ભાઈ શ્રી દેવેન્દ્ર પટેલ** ની અણધારી વિદાયથી વરાડીયા મહાજનને તથા ગામને કદી ન પુરાય એવી ખોટ પડી છે. દેવેન્દ્રભાઈ છેલ્લા એક વર્ષથી વરાડીયા દેરાસર તથા મહાજનના સ્થાનિક ટ્રસ્ટી હતા તથા તે અગાઉ વર્ષો સુધી દેરાસરના મહેતાજી તરીકે નોંધપાત્ર સેવા આપી વરાડીયા દેરાસર તથા મહાજનની માલ મિલકત સારી રીતે સંભાળી હતી.

તેઓશ્રી કુશળ સામાજિક કાર્યકર્તા, નીડર સ્પષ્ટ વક્તા તથા ગમે તેવું વિકટ કાર્ય પોતાની સુઝબુઝથી પાર પાડનારા હતા. એમની સાધુ-સાધ્વીજીઓ પ્રત્યે અણમોલ ભક્તિ તથા આજુ બાજુના ગામના સંઘો સાથેનો તાલમેલ અપ્રતિમ હતા.

પરમ કૃપાળુ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદા તેમના આત્માને ચીર શાંતિ અર્પે તથા તેમના પરિવારજનોને અસહ્ય આઘાત સહન કરવાની શક્તિ આપે એજ અભ્યર્થના.

**લી. ટ્રસ્ટીગણ**

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ**

**શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**

# ભાવભરી શ્રધ્ધાંજલી



જન્મ : તા. ૧૪-૦૬-૧૯૫૪

અવસાન : તા. ૦૮-૦૨-૨૦૨૦

## સ્વ. શ્રી દેવેન્દ્ર કુંવરજી રામૈયા મોમાયા (પટેલ), વરાડીયા

**શ્રી દેવેન્દ્રભાઈ** ના દુ:ખદ અવસાનથી વરાડીયા ગામને તથા મહાજનને ખૂબજ ખોટ પડી છે. વર્ષો સુધી વરાડીયામાં રહી, મહેતાજી અને હાલમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી વરાડીયાના દેરાસર તથા મહાજનની મિલકત જાળવવામાં ખૂબજ તકેદારી લીધી હતી. તેઓશ્રી અચ્છા ગાયક કલાકાર તથા તબલા વાદક હતા. તેમના તબલા વાદનને માણવાનો એક અનેરો લહાવો હતો.

અમારા પરિવાર વતી **ભાઈ દેવેન્દ્ર પટેલ** ને ભાવભરી શ્રધ્ધાંજલિ. પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને ચીરશાંતિ આપે તથા એમના પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ આપે એજ અભ્યર્થના.

લિ...

**માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા પરિવાર**

**જયંતીલાલ લધાભાઈ મોમાયા**, બેંગલોર

**અમૃતલાલ લધાભાઈ મોમાયા**, મુંબઈ

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ મોટી સિંધોડી અને શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી આયોજીત ૨૦મા સ્નેહ મિલનનો સંક્ષિપ્ત અહેવાલ

સંસ્થાના ઉપક્રમે, શ્રીમતી કલ્પનાબેન શૈલેષ શાહ (લોડાયા) નાં અધ્યક્ષપદે અને શ્રીમતી વિરાજબેન મયુરભાઇ ધુલ્લાના અતિથિ વિશેષ પદે તા. ૧૨-૦૧-૨૦૨૦ના ૨૦ મા સ્નેહમિલનનું શાનદાર આયોજન મુલુંડ (વેસ્ટ) મધે કરવામાં આવેલ. નેમિનાથ જિનાલયના જિર્ણોધ્ધાર માટે સાંકળી આયંબીલના તપના તપસ્વીઓના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. વિશ્વમંત્ર એવા શ્રી નવકાર મંત્રનું પઠન તથા રાષ્ટ્રગીત બાદ અચલગચ્છાધિપતિ આ.ભ. પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નાં શ્રીમુખે (કેસેટ દ્વારા) મહા માંગલિકનો લાભ લીધો.

સ્ટેજ સીટીંગ બાદ મહાજનશ્રીના મહિલા પ્રમુખ શ્રીમતી હર્ષાબેન ઉદયન શાહ (લોડાયા)એ કંકુ-અક્ષત રૂપી મીઠા શબ્દોથી સૌને વધાવ્યા-આવકાર્યા. તથા સંસ્થાની પ્રવૃત્તિઓનો આછેરો ચિતાર આપ્યો.

શ્રી મેહુલભાઇ મૈશેરી અને એમની ટીમ દ્વારા તૈયાર કરેલ જિનાલય જિર્ણોધ્ધાર તથા અતિથિગૃહનું સુંદર પ્રેઝેન્ટેશન રજુ કરવામાં આવેલું. આ વર્ષે શેઠશ્રી નરશી નાથાની તસ્વીરને હારારોપણનો ચડાવો પણ લેવામાં આવ્યો જેનો લાભ માતુશ્રી દમયંતીબેન સનત શાહ પરિવારે લીધો. રંગમંડપની ધ્વજા (લકી ડ્રૉ) સહિત નવ ધ્વજાના ચડાવાના આદેશ અપાયા. આ રેકોર્ડ-બ્રેક ચડાવા લેવામાં ચેતનાબેન હરીયા, (પદ્મા આર્ટસ - ગામના નિયાણી) એ સારી રંગત જમાવી.

વિવિધ સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા અતિથિ વિશેષ શ્રીમતી વિરાજબેન મયુરભાઇ ધુલ્લા અને સમારંભ પ્રમુખશ્રી શ્રીમતી કલ્પનાબેન શૈલેષ શાહ (લોડાયા)નાં પરીચય બાદ તિલક-શાલ-હાર અને મોમેન્ટો સાથે અભિવાદન કરવામાં આવેલ. બંને મહાનુભવોએ શ્રી સંઘના ટીમ - વર્કને બિરદાવી. તેમજ વિવિધ પ્રવૃત્તિઓની અનુમોદના કરી.

શ્રી અનંતનાથ ટ્રસ્ટ તથા મુંબઇ મહાજન વર્ષ ૨૦૨૦-૨૫ દરમ્યાન ટ્રસ્ટી તથા મહાજન સભ્ય તરિકે શ્રીમતી તેજલબેન લોડાયા ચુંટાયા તે બદ્દલ અને મુંબઇ મહાજનના સભ્ય તરીકે શ્રી મુકેશભાઇ લોડાયા ચુંટાયા તે બદ્દલ અભિવાદન કરેલ. સમગ્ર કાર્યક્રમનાં સારથી શ્રી દિનેશભાઇ મૈશેરી તથા શ્રી ચેતનભાઈ મૈશેરીએ કાર્યક્રમને ચેતનવંતો બનાવ્યો. ટ્રસ્ટી શ્રી ચીમનભાઈ લોડાયાએ ટ્રસ્ટનો અહેવાલ આપ્યો. અને જીર્ણોધ્ધાર સંબંધી સમજ આપી. પ્રગતિ મહિલા મંડળ વતી અ.સૌ. અનિતાબેન લોડાયાએ અહેવાલ આપ્યો.

કોચીનથી શ્રી રાયચંદભાઈ મૈશેરી, તન-મન ટુરના સર્વશ્રી તથા સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતા, ભુજથી શ્રી દેવરાજભાઈ ગઢવી, મોટી સિંધોડીથી શ્રી કાનજીભાઈ ગઢવી, ભચાઉથી શ્રી જયેશભાઈ મૈશેરી વગેરે મહાનુભાવોએ સમારંભની સફળતા ઈચ્છતા શુભ-સંદેશાઓ મોકલેલ.

બપોરના સ્વામી વાત્સલ્યની પ્રસાદી બાદ કાર્યક્રમનો દોર આગળ વધ્યો. માતુશ્રી લક્ષ્મીબેન નરશી મૈશેરી પરિવાર દ્વારા તપસ્વીઓનું બહુમાન કરી અનુમોદના કરવામાં આવી. તેમજ સરસ્વતી બહુમાનનો અનેરો લાભ લેનારા માતુશ્રી રતનબાઇ ભવાનજી લોડાયા પરીવાર દ્વારા વિદ્યાર્થી મિત્રોનું અભિવાદન કરવામાં આવેલ. પ્રત્યુત્તરમાં શ્રી સંઘે એમની અનુપમ લાગણીને વધાવી, તિલક-શાલ-હાર સહ પરીવારની અનુમોદના કરી.

ચા દેવીને ન્યાય આપી કાર્યક્રમ આગળ વધતો રહ્યો. રસોડાની વ્યવસ્થા શ્રી નિતિનભાઈ લોડાયા તેમ જ તારાચંદભાઈ મૈશેરીએ સંભાળી. સમગ્ર કાર્યક્રમને કચકડે મઢી લીધા - શ્રી સમીરભાઈ લોડાયાએ. તનમન ટુરના પ્રણેતા શ્રી ચીમનભાઈ મોતા તેમજ બબલ ગમ્સ ટુરના પ્રણેતા શ્રી ચેતનભાઈ મોતા તરફથી એક - એક તપસ્વીને (લકી ડ્રો દ્વારા) સમેત શિખરજીની મહાયાત્રાનો લાભ મળ્યો. સંસ્થાના ઉપ-પ્રમુખશ્રી ભરતભાઇ લોડાયાએ શબ્દોની સુંદર સજાવટ સાથે આભાર વિધિ કરેલ.

શ્રી પિયુષભાઈ મોમાયા, અંજુલ મોતા, નેવિલ મોમાયા, રાજેશ મોમાયા, પુજા લોડાયા, ઉર્વી મૈશેરી, ધવલ મોમાયા, નરેશ મૈશેરી, પ્રતિક લોડાયા, સ્મિત લોડાયા, સૌમ્ય લોડાયા, કેતન લોડાયા, સમીર લોડાયા, અપૂર્વા શાહ વગેરે દોસ્તોએ ખુબ સરસ રીતે નિભાવી. અંતે સૌના મુખારવિંદ પર લાલીમા છવાઈ રહી. ફરીથી મળવાના કોલ સાથે સૌ વિખુટા થયા. આમ સમગ્ર આયોજન રંગે-ચંગે સંપન્ન થયો. અસ્તુ.

## દાતાઓ તથા લાભાર્થીઓની નામાવલી

**મુખ્ય ધજા :** માતુશ્રી ચંપાબેન લાલજી મૈશેરી, માતુશ્રી રતનબાઇ રાઘવજી મૈશેરી, માતુશ્રી પ્રેમીલાબેન ચંદુલાલ લોડાયા (સુથરી), **રંગ મંડપની ધજા :** અ.સૌ. ધનલક્ષ્મીબેન પુનશી લોડાયા (રાપરગઢ), **અંબીકા દેવીની ધજા :** માતુશ્રી ચંપાબાઇ લાલજી મૈશેરી પરિવાર, **યક્ષ દેવની ધજા :** માતુશ્રી દમયંતીબેન સનતભાઇ શાહ (લોડાયા), **મહાકાલી માતાજીની ધજા :** માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી લોડાયા, આરીખાણા, નિયાણી બહેનોને લાભ, **પૂર્વ દિશાની ધજા :** માતુશ્રી રતનબાઇ દામજી મોમાયા હ. અ.સૌ. જસ્મીના હરીશ, અ.સૌ. પરીતા રાજેશ, **ઉત્તર દિશાની ધજા :** માતુશ્રી કસ્તુરીબાઇ માડણ નરપાર મૈશેરી હ. મહેન્દ્ર માડણ, **પશ્ચિમ દિશાની ધજા :** અ.સૌ. સ્વ. જયવંતીબેન ચીમનલાલ લોડાયા, **હનુમાનજીની ધજા :** અ.સૌ. પ્રભાવંતીબેન પ્રેમચંદ લોડાયા.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ મોટી સિંધોડી અને શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી આયોજીત ૨૦મા સ્નેહ મિલનની તસ્વીરી ઝલક


















*In respectful memory of one of the best of* **KDO Gems**



**Late Hiren Manilal Dand**

- **EEPSILON ARCHITECTS & PMC**
- **RUPESH KHONA**

## પ્રથમ પુણ્યતિથી - ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



જન્મ : તા. ૦૯/૪/૧૯૫૧

અરિહંત શરણ : તા. ૧૩/૨/૨૦૧૯

### લહેરચંદ નરશી દામજી મોમાયા

**સાંચરા – હુબલી**

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
એક વાત સરસ સમજાવી ગયા...

-: શોકાતુર :-

**ધર્મપત્ની નીલમ (બબન) લહેરચંદ મોમાયા**
**નરશી દામજી મોમાયા પરિવાર, સાંચરા–હુબલી**
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર, સુથરી–મુંબઇ**
**દર્શના કિર્તી નાગડા પરિવાર, નલીયા–ખાંડવા**
**અંજલી આશિષ વિકમશી પરિવાર, વડોદરા–પરજાઉ**

## શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરા





શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરામાં શિક્ષણ પ્રેમી માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવારના સહયોગથી ચાલતી ડીઝીટલ કે.ડી.ઓ. વડોદરા શાઈનિંગ પાઠશાળા આજે સાત મહિનાથી સુચારૂ રૂપે ચાલે છે લગભગ ૧૫ થી ૧૭ વિદ્યાર્થીઓ ધાર્મિક જ્ઞાન મેળવી રહ્યા છે.

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

## અભિનંદન... આશીર્વાદ... અનુમોદના...

**શાંતિનાથ કેરૂ શરણું તમારું, છો સાંધવ કેરી શાન,**
**"સાંધવ ભુષણ" બિરૂદ તમારું, વધારી સાંધવ કેરી શાન**



**શ્રી ગોવિંદજી લાલજી પટેલ**
**(સાંધવ – મુલુંડ)**

## સાંધવ ભુષણ

"સાંધવ શરતાજ"નાં શિરે "સાંધવ ભુષણ"નું બહુમાન સાંધવગામની સર્વે નિયાણી બહેનો તરફથી શ્રી શાંતિનાથ દાદાનાં શિખરે ૧૫૪ મી ત્ર્યાન્હિકા ધ્વજા મહોત્સવ પાવન પ્રસંગે અર્પણ કરવામાં આવ્યું, તે બદલ આપશ્રીને અંતરભીના અભિનંદન, ભાવપૂર્વક અનુમોદના.

વિચાર, વાણી, વર્તન, સેવા, સહકાર, સમજદારીથી અને સત્કાર્યોની સુવાસ વડે આપના જીવન બાગને ગુલાબનાં ફુલોની જેમ મહેકાવ્યું છે.

આપશ્રી શક્તિ, ભક્તિ, સંપત્તિ અને સમયના યોગદાનથી સોનેરી સૂકૃતોથી સાંધવ ગામની શાન વધારતા રહેશો એવી અંતરભીની અભિલાષા સહ અમારા સહુનાં આપશ્રીને ભાવભીના ભાવભર્યા લાખ લાખ અભિનંદન.

શ્રી શાંતિનાથદાદા આપને તંદુરસ્ત દીર્ઘાયુ બક્ષે એવી શુભેચ્છા સહ.

**લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ**
**શ્રી શામજી નરશી દંડ** (પ્રમુખશ્રી)
**ટ્રષ્ટીગણ, સાંધવવાસીઓ અને સર્વે નિયાણી બહેનો**

## CONGRATULATIONS

**Sou. Sonal Ajay Padamsey Momaya Hubli (Kutch - Sanyara)** for receiving
**"Tie Excellence Award 2020 - Best Woman Extrepreneur",**
**Hubli for her company Jayraj Roofings**



**At Denissons Hotel Hubli on 02-02-2020**

With Best Compliments and Blessings from :

- **Kuwarbai Hirji Hemraj Momaya** - Hubli
- **Bharatibai Laxmikant Shamji Lapasiya** - Pune
- **Indubai Padamsey Hirji Momaya** - Hubli
- **Jayabai Padamsey Kanji Momaya** - Pune

**CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th**
**Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20**
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રથમ પુણ્યતિથિ



જન્મ
તા. ૧૦-૧૧-૧૯૫૭

અરિહંત શરણ
તા. ૧૦-૦૨-૨૦૧૯

## સ્વ. જ્યોતિબેન ચીમનલાલ હીરજી ખોના (ઉ.વ.૬૨)

**ગામ – નલિયા (હાલ માટુંગા)**

વાત્સલ્યમયી ધર્મ મૂર્તિ, આપ પરિવારનું કેન્દ્રબિંદુ
આપની ઉપસ્થિતિથી ચોમેર વર્તાય સ્નેહસિંધુ
ઈશશરણમાં ચિરશાંતિ પામો સ્મૃતિમાં સચવાશે સંબંધ તંતુ

**– : જીવનસફરના સાથી :–**
ચીમનલાલ હીરજી ખોના

**–: જીવનસફરના પુષ્પો :–**
હેતલ નયન ખોના • સ્વ. બિનીતા અને અ.સૌ. રાધિકા

**–: જીવનસફરની વેલી : –**
કેયા • ભવ્ય

**–: જીવનસફરના વટવૃક્ષો :–**
માતુશ્રી લક્ષ્મીબેન હિરજી કલ્યાણજી ખોના પરિવાર
માતુશ્રી પ્રેમિલાબેન રાયચંદ ભવાનજી લોડાયા પરિવાર

**–: શોકાતુર :–**

**નલિયા એક્તા પરિવાર મુંબઈ**

**શ્રી ક.દ.ઓ. જૈન નલિયાવાસી ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ**

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.